વર્ષ : ૩૬
અંક : ૯
સપ્ટેમ્બર-૨૦૧૨


Retail Price Rs. 5/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

પર્યુષણ વિશેષાંક




કામદેવ શ્રાવકને દેવે કરેલા
અનેક ઉપસર્ગો અને પછી
કામદેવ શ્રાવકની દેવ માફી માગે છે.

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત) કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## ભાવનગર મુકામે આદ.શ્રી અરવિંદભાઈ પી. શાહના નિવાસસ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના વેળાએ (તા. ૨૫-૮-૨૦૧૨)














# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૩
(૨) *પર્યુષણનું સ્વરૂપ અને સંદેશ* ......................
...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૫
(૩) પર્યુષણ પર્વ ............. શ્રી મણિભાઈ શાહ ..... ૭
(૪) મિચ્છા મિ દુક્કડમ્ ..... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯
(૫) આત્મમહોત્સવનું પર્વ .. પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૨
(૬) ક્ષમાપનાનું પર્વ .............. પૂજ્ય બહેનશ્રી .... ૧૫
(૭) પર્યુષણ પર્વ ........... શ્રી અશોકભાઈ શાહ .... ૧૮
(૮) પર્વની લાક્ષણિકતા .......શ્રી વલભજી હીરજી .... ૧૯
(૯) પર્યુષણ પર્વે આત્મચિંતન .. શ્રી મધુભાઈ પારેખ ..... ૨૧
(૧૦) પર્યુષણ પર્વ બારેમાસ ....... શ્રી પૂર્ણિમાબેન શાહ .... ૨૩
(૧૧) પર્યુષણ પર્વનો પ્રાણ - ક્ષમાપના ................. ૨૫
(૧૨) તપ, ત્યાગ અને આલોચનાનું મહાપર્વ ..............
...................... શ્રી વિભાબેન મહેતા .... ૨૭
(૧૩) ક્રોધની આગ, કરે ઘરની રાખ ... શ્રી મિતેશભાઈ શાહ .... ૨૯
(૧૪) પાવન પર્યુષણ પર્વ ....... શ્રી પરેશભાઈ શાહ .... ૩૧
(૧૫) भाद्रपद और पर्युषण पर्व......................................
............. गणाचार्य श्री विरागसागरजी महाराज ..... ૩૨
(૧૬) જીવનઉદ્યાન - દિવાળી પુસ્તિકા.................. ૩૫
(૧૭) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૮



**વર્ષ : ૩૬ સપ્ટેમ્બર, ૨૦૧૨ અંક - ૯**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org



**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૧૮૦

આજીવન રૂા. ૭૫૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 2500

$-60, £-35

આજીવન : Rs. 7000

$-170, £-110

By Sea Mail

આજીવન : Rs. 3500

$-85, £-60

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

*હે પરમકૃપાળુ દેવ !*

*આપે કહ્યું છે કે,*

*"હે જીવ ! ક્યા ઈચ્છત હવે, હૈ ઈચ્છા દુઃખમૂલ,*
*જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ."*

*અમારા જીવનમાં તો ઈચ્છાઓનો પાર નથી. એક ઈચ્છા ઉદ્‌ભવી અને તે પૂરી થઈ કે ન થઈ ત્યાં તો બીજી ઈચ્છા તૈયાર જ હોય. આવું ચક્ર જીવનમાં અંત સુધી, અજ્ઞાનદશામાં ચાલવાનું છે. જ્યારે અંત સમય આવશે ત્યારે સગા-સંબંધીઓ પણ પૂછશે કે, "તમારી કંઈ અંતિમ ઈચ્છા છે ?" તે સમયે સાંભળવાની શક્તિ હશે કે નહીં, બોલવાની શક્તિ હશે કે નહીં અને કદાચ વિચારવાની પણ શક્તિ હશે કે નહીં તેની શું ખબર ?*

*જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે જ્યાં સુધી પાંચ ઈન્દ્રિયો કાર્યક્ષમ છે ત્યાં સુધી સાધના કરી લેવી, સંપત્તિ છે ત્યાં સુધીમાં તેનો સદુપયોગ કરી લેવો અને જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી ધર્મની આરાધના કરી લેવી. આ બધું તો અમે કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ અંતિમ ઈચ્છાનું શું કરવું ? જેમ સંસારમાં જીવો પોતાના જીવતા જ વસિયતનામું કરી રાખે છે, તેમ મેં પણ મારી અંતિમ ઈચ્છા વિચારી રાખી છે. બીજા કોઈને કહી નથી પણ આપને કહેવાનું મન થાય છે.*

*શાસ્ત્રમાં શ્રાવકના ત્રણ મનોરથ કહ્યાં છે તેમ મારા અંતરની પણ ત્રણ ઈચ્છાઓ છે : (૧) ભવોભવ જૈનધર્મ મળો, (૨) ભવોભવ પરમાત્માનું શરણ મળો અને (૩) ભવોભવ સદ્‌ગુરુદેવનો યોગ પ્રાપ્ત થાઓ.*

*આ ત્રણ હશે તો ગમે ત્યારે પણ ઈચ્છાઓનો નાશ થશે અને અનાદિની ભૂલ મટી જશે. સમાધિમરણની પ્રાપ્તિ થશે.*


*આનાથી વધારે બીજું જોઈએ પણ શું ?*

*॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥*

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**શ્રીમદ્ રાજચંદ્રજી**

**પત્રાંક : ૧૨૮**



**વવાણિયા, પ્રથમ ભાદ્ર. સુદ ૬, ૧૯૪૬**

ધર્મેચ્છક ભાઈઓ,

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈપણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ - વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો ? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડ્યું ! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી ! કહો એ સ્મરણ થતાં આ કલેશિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય ? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું ? જે જે પૂર્વનાં ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું ? જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે તેનું કેમ કરવું ? કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે, કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ ? ત્યારે હવે કેમ કરવું ?

"ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો,

ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી, ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી, અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે.

''એ કંઈ ખોટું છે ?'' શું ?

પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેનાં પ્રત્યાખ્યાન લઈએ તો ?

લઈ શકાય.

એ પણ આશ્ચર્યકારક છે.

અત્યારે એ જ. ફરી યોગવાઈએ મલીશું.

એ જ વિજ્ઞાપન.

વિ૦ રાયચંદના યથાયોગ્ય.

• • •

## મિચ્છા મિ દુક્કડમ્



**''બેઉ કર જોડી નમી પડો, મૈત્રી તણા શુભ નાદમાં,**
**માગો અને આપો ક્ષમા, અંતર તણા એ સાદમાં.''**
**''क्षमा शस्त्रं करे यस्य दुर्जनं किं करिष्यति ।**
**अतृणे पतितो वह्नि स्वयमेवोपशाम्यति ॥''**



કાચના વાસણ કરતાં પણ નાજુક હોય છે મન ! આ મનને ક્યારેક અહમ્‌નો વજનદાર પાષાણ ટકરાય છે અને... નાજુક મન ખંડખંડમાં વહેંચાઈ જાય છે. ખંડખંડમાં વહેંચાયેલા આ મનને અખંડ કરી શકે એવું સોલ્યુશન કોઈ વૈજ્ઞાનિકે શોધ્યું નથી કે કોઈ ફેક્ટરીએ બનાવ્યું નથી.

પણ પરમાત્માના શાસને આ તૂટેલા મનને, નંદવાયેલા દિલને ફરીથી અખંડ કરવાનો અદ્‌ભુત અને સફળ પ્રયોગ બતાવ્યો છે અને એ છે... ક્ષમાપના. માત્ર આ જ ક્ષમાપનાની તાકાત છે કે મનની કરમાયેલી નાજુક વેલને સ્નેહના ફૂલોથી સભર કરી દે.

જાણતાં-અજાણતાં અમારા તરફથી આપને કંઈ પણ મનદુઃખ થયું હોય તો 'દિવ્યધ્વનિ'ના સુજ્ઞ વાચકમિત્રોને સમસ્ત કોબા પરિવાર તથા તંત્રી તરફથી મિચ્છા મિ દુક્કડમ્...

**- તંત્રી 'દિવ્યધ્વનિ'**

# પર્યુષણનું સ્વરૂપ અને સંદેશ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



*પર્યુષણ એટલે જૈનોનો ધાર્મિક તહેવાર એમ દુનિયામાં માનવામાં આવે છે પણ ખરેખર માત્ર તેમ નથી કારણ કે પર્યુષણ એ પોતાના જીવનને સુધારવાનો અને આત્માના ભાવોને પવિત્ર કરવાનો એક વિશિષ્ટ અવસર છે.*

*જીવનસુધારણા અને આત્મ પવિત્રતા એ કોઈ અમુક નાત, જાત, દેશ, વેશ કે ભાષાવાળા માટે નથી; તે તો સૌ કોઈ માટે — માનવમાત્ર માટે છે; તેથી તત્ત્વદૃષ્ટિએ જોતાં આ પર્વ સાર્વજનિક, સાર્વત્રિક અને સાર્વકાલિક છે.*

*અહીં પ્રશ્ન થાય કે આત્મસુધારણા તો હંમેશ માટે છે. તો પછી પર્યુષણ પર્વ માત્ર આઠ કે દસ દિવસ માટે કેમ? તો તેનું સમાધાન નીચે પ્રમાણે છે.*

*સામાન્ય જીવન જીવતો મનુષ્ય, અને વિશેષ કરીને આ જમાનાનો મનુષ્ય, રોજબરોજના વ્યવહાર-પ્રસંગોમાં એટલો બધો અટવાયેલો રહે છે કે પોતાના સાચા વિકાસની દિશામાં કંઈક નક્કર પગલાં ભરવા માટે જાણે તેને સમય જ રહેતો નથી ! આવા એક અદના આદમીને ખ્યાલમાં રાખીને મહાપુરુષોએ એને માટે વરસમાંથી થોડા દિવસો નક્કી કરી આપ્યા, કે જે દિવસો દરમ્યાન તે પોતાના જીવનને સાર્થક અને આનંદમય બનાવવા માટે સમય કાઢે, પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત કરે અને દૃઢ સંકલ્પ કરે કે હું મારા જીવનને ઉન્નત બનાવીશ. કવિના શબ્દોમાં આ દિવસો દરમ્યાન તે નક્કી કરે છે :*

**એક જ અરમાન છે મને,**
**મારું જીવન પવિત્ર બને,**
**મારું જીવન સુગંધિત બને...**

*બાકી ઉત્તમ કક્ષાના પુરુષો માટે તો જીવનનો દરેકેદરેક દિવસ અને પ્રત્યેક અવસર પર્યુષણ જ છે.*

*પર્યુષણ પર્વની ઉજવણી કેવી રીતે કરવી ?*

*જીવનની સર્વતોમુખી સુધારણા કરીએ તો સર્વાંગી વિકાસ થાય. સામાન્ય મનુષ્ય માટે જીવન શું છે ? તન, મન, વચન અને ધનનો સરવાળો. પણ આ બધાને પ્રવર્તાવનારો, પ્રેરનારો, ધબકતું રાખનારો માંહ્યલો (આત્મા) છે કે જેના વિના શરીર શબ છે, જીવન અંધકાર છે અને જગત સ્મશાનવત્ શૂન્ય છે. તો ચાલો, આ બધાની સુધારણા માટેનો ઉદ્યમ કરીએ.*

**તનની સુધારણા :** *તનની સુધારણા એટલે આરોગ્યની પ્રાપ્તિ અને સંરક્ષણ. આ માટે આપણે આહારને નિયમિત, સાત્ત્વિક અને સપ્રમાણ બનાવવો પડશે. ખાવાનો સમય નિયત કરીએ, ખાવાની વસ્તુ એવી વાપરીએ જે શુદ્ધ હોય, મોટા પાપથી ઉત્પન્ન ન થઈ હોય અને જે લેવાથી યોગ્ય પોષણ મળે. આહાર જો સપ્રમાણ નહિ રાખીએ તો શરીર સ્થૂળ થઈ જશે, મેદ વધી જશે અને નિરંતર ખાયા કરવાની પશુવૃત્તિ આપણા ઉપર સવાર થઈ જશે. આસન અથવા હળવો વ્યાયામ શરીરને સ્વસ્થ રાખવા માટે જરૂરી છે, નહિ તો શરીરના અંગો અને સાંધાઓ, પડી રહેલા જૂના મશીનની માફક જકડાઈ જશે, શરીરની સ્ફૂર્તિ ઓછી થઈ જશે તેમજ આળસ તથા પ્રમાદથી જીવનમાં હતાશા વ્યાપી જશે. ત્રીજી વસ્તુ શરીરનો થાક ઉતારવા માટે યોગ્ય નિદ્રાની છે, જેથી આગલા દિવસની પ્રવૃત્તિ માટે શરીર પાછું તૈયાર થઈ જાય. રખે ભૂલીએ કે તનની*

*સાચી શોભા અને સુધારણા નિઃસ્વાર્થ સેવા અને પરોપકારનાં કાર્યો કરવામાં જ રહેલી છે.*

**મનની સુધારણા :** *મનની સુધારણાના ત્રણ મુખ્ય ઉપાય છે :* **સારી સંગતિ, સારું વાંચન અને સારા વિચારો.** *સારી સંગતિ એ તો કોઈ પણ સજ્જનનું લક્ષણ છે. જે હલકા મનુષ્યોની સંગતિ કરે છે તેનું મન બગડે છે અને સારા વિચારોમાં તે ટકી શકતો નથી. પર્યુષણમાં તો નિરંતર ઉત્તમ મનુષ્યોની સોબતમાં રહેવું જોઈએ. બીજું સાધન છે સારું વાંચન. જેમ દાળ, રોટલી, શાક વગેરે તનનો ખોરાક છે તેમ શિષ્ટ, સંસ્કારી અને આધ્યાત્મિક વાચન એ મનનો ખોરાક છે; જેના દ્વારા મહાપુરુષોના જીવનની અનુભવવાણીનો સંપર્ક કરીને આપણું મન પુનિત થાય છે. ત્રીજું સાધન જે સારા વિચારો, તે ઘણુંખરું પહેલાં બે સાધનોનું ફળ છે. આમ છતાં તેને અલગ પણ ગણ્યું છે, કારણ કે આ દિવસોમાં બધા ઉપાયો આદરીને શુભ વિચારોને જ આપણા મનમાં સ્થાન આપવાનું છે અને કોઈ કારણસર બીજા વિચારો આવી જાય તો સારા વિચારો દ્વારા તેમને મનની બહાર કાઢી મૂકવાના છે.*

**વચનની સુધારણા :** *આ જિંદગીમાં આપણને સુંદર અને વિવિધ શબ્દો બોલવાની જે શક્તિ મળી છે તે એક દિવ્ય ભેટ છે અને તેનો સદ્ઉપયોગ કરી, સૌના મનમાં શીતળતા, શાંતિ અને પ્રેમ-સદ્ભાવ ઊપજે તેવી વાણીનો આપણે ઉપયોગ કરીએ તો જ મળેલી વાચાની સફળતા છે. મોટાઓ સાથે વિનયયુક્ત વાર્તાલાપ તે આપણી ફરજ છે, સમકક્ષ સાથે નમ્રતાપૂર્ણ વચનવ્યવહાર એ આપણી ખાનદાની છે અને નાનાઓ તથા કર્મચારીઓ સાથે શિષ્ટતા ભરેલી વાણી એ આપણી સજ્જનતા છે. આ બધાં પાસાઓને સાંકળી લેવા માટે વારંવાર યાદ કરીએ આ સૂત્ર :*

**''ધીરેસે બોલો, પ્રેમસે બોલો, આદર દેકર બોલો, જરૂરત હોને પર બોલો.''**

**ધનની સુધારણા :** *આ માટે મુખ્ય બે ઉપાય છે : ધનની પ્રાપ્તિ માટે ન્યાયપૂર્ણ પ્રવર્તન અને તેનો સદ્ઉપયોગ. જે પૈસા પ્રાપ્ત કરવા માટે મોટાં પાપ કરવાં પડે, વિશ્વાસઘાત કરી નિર્દોષ મનુષ્યોને છેતરવા પડે તે પૈસો બીજાનાં લોહીથી ખરડાયેલો અને તેમની પાસેથી ઝૂંટવી લીધેલો હોવાથી આપણને સુખ-સગવડ કે શાંતિ આપતો નથી. બીજો છે ધનનો સદ્વ્યય. યોગ્ય રીતે ઉપભોગ કરવો અને ઉદારભાવથી તથા વિવેકથી તેનું વિતરણ કરવું – ત્યાગ કરવો – તેને દાનધર્મ કહ્યો છે. જેમ સારા ખેતરમાં વાવેલું અનાજ હજારો ગણું થઈ પાછું આવે છે તેમ સુપાત્રે આપેલું દાન પણ હજારોગણું થઈ પાછું આવે છે.* **જેમ પાણી ખાબોચિયામાં પડી રહે તો તે ગંધાઈ જાય છે તેમ જે પૈસો માત્ર નિરુપયોગપણે લોભવશ સંગ્રહી રાખવામાં આવે છે તે ગંધાઈ જાય છે અને તેનો વિયોગ થતાં કારમી વેદનાનું કારણ બને છે.** *માટે જ કહ્યું છે :* परोपकाराय सतां विभूतयः ।

**આત્માની સુધારણા :** *માનવજીવનનું આ જ ચરમ લક્ષ્ય છે કે દેહદેવળમાં રહેલ દેવને – પોતાની સાચી જાતને – ઓળખો અને એ ઓળખાણ થવા માટે ક્ષમા, વિનય, સરળતા, સાદાઈ ઈત્યાદિ ગુણોને રોજબરોજના વ્યવહારજીવનમાં ઉતારવા જોઈએ. જેણે પોતાની સાચી ઓળખાણ કરી હોય તેવા જ્ઞાની ગુરુ પાસેથી સૂક્ષ્મ બોધ સાંભળવો, સમજવો, શ્રદ્ધવો અને જીવનમાં ઉતારવો; તો આત્મા ઉપર લાગેલાં મલિનતાનાં આવરણો ધીમે ધીમે હટતાં જશે અને સાચા પ્રકાશનો, સાચી શાંતિનો, સાચા આનંદનો અને સાચી સમાધિનો અનુભવ થશે.*

*- તો આ છે પર્યુષણ પર્વનું સાચું સ્વરૂપ અને તેનો સંદેશ. શું આપણે પરમાત્માની આજ્ઞાને જીવનમાં ઉતારવા આજે જ નિશ્ચય નહીં કરીએ ? અવશ્ય કરીશું.*

# પર્યુષણ પર્વ

મણિભાઈ ઝ. શાહ

સામાન્ય રીતે આપણે બધા ધાર્મિક પર્વો ઉજવતા હોઈએ છીએ. પણ **પર્યુષણ પર્વ એ ફક્ત ઉજવવાનું જ પર્વ નથી પણ સાથે સાથે ઉજાળવાનું પર્વ પણ છે.** એટલે કે આ પર્વના દિવસોમાં આપણા આત્મા ઉપર લાગેલાં કર્મોને ખપાવી દઈ આત્માને ઊજળો-શુદ્ધ કરવાનો છે.

બીજું કે આ પર્વ પૂરતો જ ધર્મ નથી કરવાનો. જેમ વિદ્યાર્થી આખું વર્ષ ભણે અને પછી ૮-૧૦ દિવસ પરીક્ષા આપે તેમ આપણે પણ આખું વર્ષ ધર્મ કરવાનો છે અને પર્યુષણમાં એ તપાસવાનું છે કે મેં કેટલો ધર્મ કર્યો ? મારાથી આખા વર્ષમાં કેટલાં અને કેવાં કેવાં પાપ થયાં તે તપાસી પ્રભુ પાસે માફી માગવાની છે, જેને આપણે સાંવત્સરિક પ્રતિક્રમણ કહીએ છીએ. એટલું જ નહીં, નવા વર્ષમાં મારાથી આવાં પાપ ન થાય તે માટે પચ્ચક્ખાણ-પ્રત્યાખ્યાન-નિયમ લઈએ છીએ. આનું મહત્ત્વ સમજાય અને એ પ્રમાણેનું આચરણ થાય તો થોડા ભવોમાં આપણે મોક્ષે જઈ શકીએ.

સાત-નવ તત્ત્વની દૃષ્ટિએ પર્યુષણમાં સંવર અને નિર્જરા બંને કરવાનાં છે.

સંવર એટલે કર્મોને આવતાં રોકવાં તે. આ માટે વ્રત, નિયમ, સમિતિ વગેરે એટલે કે પાંચ પાપથી બચવાનું, રાત્રિભોજન વગેરે નહીં કરવાનું, કોઈ દુઃખી જીવને મદદ કરવાની, પ્રભુભક્તિ-દર્શન દ્વારા અને સ્વાધ્યાય,ધ્યાન વગેરે દ્વારા આપણા પરિણામ સુધારવાનાં અને કર્મોને આવતાં રોકવાનાં. આ બધા વિષે સારી એવી જાણકારી મેળવીને એને અમલમાં મૂકવાનાં.

નિર્જરા એટલે લાગેલાં કર્મોને ભોગવ્યા સિવાય ખેરવી નાખવાનાં. આ માટે તપ એ એક માત્ર ઉપાય છે. તપના બે મુખ્ય પ્રકાર કહ્યાં છે – બાહ્ય અને અતરંગ.

બાહ્ય તપમાં ઉપવાસ, ઊણોદરી, રસપરિત્યાગ વગેરે છ પ્રકાર છે. તે સારી રીતે કરવાથી અંતરંગ તપમાં મદદ મળે છે અને સ્વતંત્ર રીતે પણ કંઈક અંશે કર્મ ખેરવી શકાય છે.

અંતરંગ તપમાં પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગ એ સામાન્ય રીતે શ્રાવક માટે મુશ્કેલ છે – મુનિ વગેરે તે કંઈક અંશે કરી શકે છે. વિનય અને વૈયાવૃત્ત એ તો સાધુ-સંતો હોય તો તેમનો વિનય – સેવા ચાકરી કરવાની. પણ અત્યારે ઘણી જગ્યાએ આવા સાધુ-સંતો હોતા નથી એટલે એ પણ થઈ શકતું નથી.

પ્રાયશ્ચિત્ત એ ખૂબ અગત્યનું તપ છે. આપણાથી જાણતાં – અજાણતાં પણ કંઈ પાપ થયાં હોય તો એના માટે ભગવાન પાસે માફી માગવી. આગળ કહ્યું તેમ પર્યુષણને છેલ્લે દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણમાં આ જ કરવામાં આવે છે. પણ તે ફક્ત બોલી જવાનું નથી, પણ આપણા પરિણામ પણ તે પ્રમાણે સુધરવાં જોઈએ. સ્વાધ્યાય એટલે ફક્ત વાંચી જવું કે સાંભળવું એ પૂરતું નથી પણ એમાં કંઈ ન સમજાય તો એ માટે પૂછવું, એ વસ્તુ વારંવાર વાંચવી, એના ઉપર વિચારણા કરવી અને જે સારું લાગ્યું હોય તે બીજાને કહેવું – આ બધું સ્વાધ્યાય તપમાં આવે છે.

ધ્યાન એ બહુ વિચારીને સમજવાનું છે. ભગવાને કહ્યું કે હું આત્મા છું, આ દેહ તે હું નથી. મને મળતાં સુખ-દુઃખ એ મારા કર્મનું ફળ છે, કોઈ મને સુખ-દુઃખ આપતું નથી એટલે નિમિત્ત પ્રત્યે રાગ-દ્વેષ ન જાગે — આવી બધી બાબતો વિચારવી અને તે પ્રમાણે જીવનમાં ઉતારવું એ મુખ્ય વસ્તુ છે.

કાયોત્સર્ગ એટલે કાયામાંથી માયા છોડવી. મુનિ ધ્યાનમાં હોય અને કોઈ હિંસક પ્રાણી આવીને એમને ફાડી ખાય ત્યારે અપૂર્વ હિંમત કરી એ સહન કરી લે અને વિચારે કે આ ફાડી ખાય છે તે શરીરને — મને (આત્માને) નહીં. આગળ કહ્યું તેમ આ કાળમાં — તેમાં પણ શ્રાવક માટે આ લગભગ અશક્ય બને છે.

કેટલાકને પ્રશ્ન થાય છે કે પર્યુષણ શ્રાવણ-ભાદરવામાં જ કેમ ? આની પાછળની કથા જરા લાંબી છે પણ ટૂંકમાં જોઈએ તો આ પ્રમાણે છે :

જૈનદર્શન પ્રમાણે અનાદિકાળથી ષટ્કાળ પરિવર્તન થતું આવે છે. તે કાળ છે :

(૧) સુખમા — સુખમા, (૨) સુખમા, (૩) સુખમા — દુખમા, (૪) દુખમા — સુખમા, (૫) દુખમા, (૬) દુખમા — દુખમા.

પહેલા ત્રણ કાળમાં મુખ્યત્વે સુખ જ હોય છે અને ત્યારે ધર્મ જેવું કંઈ થતું નથી. ચોથા કાળમાં તીર્થંકરો થાય છે અને ત્યારે સાચો ધર્મ કરીને મોક્ષે પણ જવાય છે. પાંચમા કાળમાં સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત થઈ શકે છે, પણ મોક્ષે જઈ શકાતું નથી. અત્યારે આ પાંચમો કાળ ચાલે છે.

છઠ્ઠા કાળમાં હિંસા વગેરે વધારે પ્રમાણમાં હોય છે. ત્યારે ધર્મ થઈ શકતો નથી.

આ ચક્રને અવસર્પિણી કાળ કહે છે. પછી છઠ્ઠો, પાંચમો, ચોથો, ત્રીજો, બીજો, પહેલો કાળ આવે છે તે ઉત્સર્પિણી કાળ કહે છે.

અવસર્પિણી કાળના છઠ્ઠા કાળને (આરાને) અંતે અષાઢી પૂનમથી ૪૯ દિવસનું પ્રલયચક્ર આવે છે ત્યારે મારામારી, હિંસા વગેરે ખૂબ પ્રમાણમાં થાય છે અને થોડાક જ જીવો બચી જાય છે. આ ચક્રનો છેલ્લો દિવસ એ એક આમ્નાયમાં પર્યુષણનો છેલ્લો દિવસ કહ્યો અને બીજી આમ્નાયમાં એને પર્યુષણનો પહેલો દિવસ કહ્યો. જો કે આ બાબતમાં પણ કેટલાક મતભેદ છે — જે હોય તે.

મૂળ આમ્નાયમાં દશ દિવસ — એ દશ ધર્મ માટેના કહ્યાં; જેમાં ચાર કષાયથી વિરુદ્ધના ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ (સંતોષ) તથા પાંચ પાપથી બચવા માટેના સત્ય, વગેરે અને છેલ્લે તપ એ દશ ધર્મ પાળવાના કહ્યાં. ઉત્તર આમ્નાયમાં ભગવાને જે આવા ધર્મ પાળવાનાં કહ્યાં છે તેનું ક્રમથી વાચન અને એમનું જીવનચરિત્ર વગેરે વાચન થાય છે. બંનેનું લક્ષ તો આપણને ભગવાનના જેવા થવા માટેની પ્રેરણા આપવાનું છે.

અંતમાં ગામડાની એક ધર્મિષ્ઠ ડોશીમા એના દીકરાને મુંબઈ કાગળ લખાવે છે કે —

**"પર્યુષણ પર્વના દહાડા, ભરી લેજે પુણ્યનાં ગાડાં."**

## પજુસણ મહાપર્વ

- **પ**-ટાપટ ઊઠો, મહામાંગલિક અવસર આવ્યો.
- **જુ**-વો, વધારેમાં વધારે ધરમ કરજો.
- **સ**-વારે ને સાંજે પ્રતિક્રમણ જરૂર કરજો.
- **ણ**-મો અરિહંતાણંના હંમેશાં જાપ કરજો.
- **મ**-હાપર્વમાં સહુની ક્ષમા માગજો.
- **હા**-થ જોડી સહુને ખમાવજો
- **પ**-શુ પ્રાણી પર પ્રેમ રાખજો.
- **ર્વ**- આટલું કરજો જૈનો સર્વે.

# મિચ્છા મિ દુક્કડમ્

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

**आयरिए उवज्झाए सीसे साहम्मिए कुल-गणे य।**
**जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥**

(आवश्यक सूत्र आयरिअ सू० गा० ३, २, १)

'આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત, શિષ્યગણ, સાધર્મિક બંધુઓ, શ્રમણોનું કુલ તથા શ્રમણોનો ગણ □ એ બધાં ત□ મેં જે કોઈ પ્રકા□ના કષાયભાવો દેખાડ્યા હોય □ક્રોધ કર્યો હોય, અભિમાન બતાવ્યું હોય, લોભ કર્યો હોય અને માયા□કપટ કર્યું હોય તો હું તે તમામ કષાયોને મન, વચન અને કાયાએ એમ ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું.'

વાદળવિહોણા આકાશ જેવા સ્વચ્છ બન્યાં છે. કામ, ક્રોધ, મદ અને માનનાં ઈન્દ્રધનુ હવે એમની □ગલીલા પ્રસા□ આડાં પડ્યાં નથી. **નદીઓમાં નવાં જળ આવે અને કાદવ□ ક ી ચ ા ડ ધોવાઈ જાય તેમ સંવત્સ□દિનના પ્રતિક્રમણ વખતે જીવનમાં અહિંસા, અનેકાન્ત અને અપ□ગ્રહની ભાવનાનાં પૂ□ વધશે તેમ જ ક્ષમાપનાનાં જળ હિલોળે ચડશે.**

કેટલાક લોકો કિના□વસે છે. તેઓ માત્ર સપાટી પ□નાં કોડી અને શંખલા જ મેળવે છે. જળમાં ડૂબકી મા□વાની એમને ઈચ્છા કે સાહસ હોતાં નથી. જેઓ પશ્ચાત્તાપનાં જળમાં કે ઉદા□તાનાં વા□માં ડૂબકી ખાતા નથી, એમાં આકંઠ સ્નાન ક□ને શુચિતા પ્રાપ્ત ક□ા નથી એમની સઘળી આ□ધના વ્યર્થ જાય છે.

**જેઓ ક્ષમે છે, ક્ષમાવે છે; જેઓ ખમે છે, ખમાવે છે તેઓની આ□ધના છે. તેઓની ક્ષમાપના છે.** આજે ઘે□□□ કુટુંબે□કુટુંબે ભડભડતો અગ્નિ પ્રજ્વળે છે. ક્યાંક મન ઊંચાં થયાં છે તો ક્યાંક દિલ રૂઠ્યાં છે. ક્યાંક દ્વેષનો ડંખ સતાવે છે તો ક્યાંક વે□ની આગ પ્રજ્વળે છે. શું જીવનભ□એ અગ્નિમાં બળતા અને સળગતા □હેવું છે કે શીતલ ક્ષમાપનાના જળમાં સ્નાન ક□વું છે ?

આજે એનો નિર્ણય લેવાનો છે અને તો જ પર્વની આ□ધના ક□ પ્રમાણ છે. ભગવાન મહાવી□એક કોડી માટે નવસો નવ્વાણું રૂપિયા ખોના□નું માર્મિક દૃષ્ટાંત આપ્યું છે. □એક માણસ કમાવા માટે પ□દેશ ગયો. ખૂબ મહેનત ક□ને એ હજા□રૂપિયા કમાયો. એ હવે સા□ સથવા□ સાથે ઘે□આવવા નીકળ્યો. એક હજા□રૂપિયામાંથી એક રૂપિયો જુદો □ખ્યો, ને ૯૯૯ વાંસળીમાં નાખી કેડે બાંધ્યા.

એક રૂપિયાની એણે કોડીઓ લીધી, અને નક્કી કર્યું કે આ સો કોડીમાં પ્રવાસખર્ચ પતાવવો. ધી□ધી□એણે ઘણો □સ્તો કાપી નાખ્યો. હવે ગામ થોડેક દૂ□ □હેતાં, એ એક ઠેકાણે ખાવા બેઠો. ત્યાં પોતાની પાસેની એક કોડી ભૂલી ગયો. એ આગળ વધ્યો. માર્ગમાં તેને યાદ આવ્યું કે તે એક કોડી પાછળ ભૂલતો આવ્યો છે; ને હવે એક કોડી માટે વળી નવો રૂપિયો વટાવવો પડશે.

પણ કેડે ૯૯૯ રૂપિયાનું જોખમ હતું. એ

લઈને એકલા પાછા ફરવું ઠીક નહોતું. એણે એક ઠેકાણે ખાડો ખોદી રૂપિયા દાટ્યા ને કોડી લેવા પાછો ફર્યો.

જે સ્થળે વિસામો લીધો હતો ત્યાં તપાસ કરી. જ્યાં ભાથું ખાધું હતું તે જગ્યા ફંફોળી. જ્યાં પાણી પીધું હતું ત્યાં કાદવમાં હાથ નાખીને કોડી શોધી. પરંતુ ક્યાંય કોડી ન જડી. દોડતો પાછો પોતાના સ્થળે આવ્યો તો ત્યાં દાટેલા રૂપિયા કોઈ કાઢી ગયું હતું, એની તો કોડીયે ગઈ અને નવસો નવ્વાણું રૂપિયા પણ ગયા.

**ભગવાન મહાવીરે કહ્યું કે જેમ પેલા માણસે કોડી માટે નવસો નવ્વાણું ખોયા એમ માણસ પોતાની વૃત્તિઓ ખાતર લાખેણા આત્માને ખોઈ નાખે છે. કોડી જેવા દેહ માટે આત્માની અમીરાઈ ગુમાવે છે.**

પર્યુષણપર્વની આરાધનાના દિવસોમાં આત્માને ખોજવાની જરૂર છે. કોડી જેવો દેહ અને તેમાં રહેલાં મદ, માન, મોહને ભલે ખોઈ નાખીએ, પણ લાખેણા આત્માને શોધીએ.

આમેય પર્યુષણ એ આત્માની નજીક જવાનું, આત્માને શોધવાનું પર્વ છે. ક્ષમાપના એનો સર્વશ્રેષ્ઠ મૂળ મંત્ર છે. વેરના અંધકારમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં વિહરતા જીવને માટે આજે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિત્તનું પર્વ ઊગ્યું છે.

દીપાવલીના પર્વે નફાતોટાનો હિસાબ કરવામાં આવે. **સંવત્સરીપર્વનો અર્થ છે વાર્ષિક પર્વ. આ દિવસે વર્ષભરનાં સારાં-નરસાં કાર્યોનું સરવૈયું કાઢીને ખોટાં કાર્યોમાંથી મુક્તિ મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ.**

આપણા આગમ શાસ્ત્રોમાં ત્રણ વેપારીનું એક દૃષ્ટાંત આવે છે. આમાં ત્રણ વેપારીઓ સરખી મૂડી લઈને વેપાર કરવા નીકળ્યા હતા. દેશ-દેશાવરમાં ઘૂમીને ઘણા દિવસે સહુ પાછા ફર્યા. પહેલો વેપારી મૂળ મૂડીને બમણી કરીને પાછો આવ્યો. બીજો ભાવની મંદીમાં ફસાયો છતાં મૂળ મૂડી સાચવીને પાછો આવ્યો. ત્રીજો વેપારી તો નુકસાનીમાં ડૂબી ગયો. કમાણીની વાત તો દૂર રહી પણ મૂળગી રકમ જ ખોઈને આવ્યો.

આ ત્રણ વેપારી જેવા સંસારના તમામ જીવો છે. પહેલા પ્રકારના જીવો મનુષ્યત્વરૂપી મૂળ મૂડીને જાળવે છે, ને ઉપરાંત પૂજ્યતાને પામે છે. મનુષ્યજીવનમાં સદાચાર, શીલ ને વ્રત પાળી મુક્ત બને છે.

બીજા પ્રકારના જીવો મુક્ત નથી બનતા, પણ મનુષ્યત્વ જાળવી રાખે છે, સાદા આચાર એ પાળે છે.

ત્રીજા પ્રકારના જીવો તો મનુષ્યત્વ પણ ખોઈ નાખે છે. ને અનાચારી ને દુરાચારી બની નરકના ભાગી બને છે.

આજના દિવસે આપણે જાતને ખોળવાની છે. ભૂલ કોનાથી નથી થતી ? માણસ માત્ર ભૂલને પાત્ર ગણાય છે. આવી ભૂલ કોઈ વાર આપમેળે થાય છે, કોઈ વાર કર્મબળે થાય છે, કોઈ વાર ગેરસમજથી થાય છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ તોય જીવનના વ્યવહારમાં ક્લેશ અને કંકાસ થાય છે. **આ બધી ભૂલો કર્મની પાટી પર જરૂર અંકિત થશે, પણ એ વજલેપ બને તે પહેલાં એ પાટીને કોરી કરવાનો પ્રયત્ન તે ક્ષમાપના છે.**

ભગવાન મહાવીરે એમના પૂર્વભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે શૈય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડ્યું હતું. યુગો વીતી ગયા પછી ભગવાન મહાવીરની સાધનાનું બારમું વર્ષ ચાલતું હતું ત્યારે પૂર્વ ભવનો શૈય્યાપાલક ગોવાળ તરીકે આવે છે. ભગવાન મહાવીરના બંને કાનમાં શૂળ ખોસી દે છે. આ ઘટના બતાવે છે કે વેરનું ઝેર સમયસર ઉતારવામાં ન આવે તો કેવું દારુણ પરિણામ આવે ?

**સંવત્સરીપર્વની સાચી સિદ્ધિ દોષદર્શનમાં છે. ડગલે ને પગલે વેરાયેલા રાગદ્વેષના પંક પાર કરી જવામાં છે. ભૂલો પ્રત્યેની જાગૃતિમાં છે.** જો માનવી સમયસર પોતાની ભૂલો અને ભોગો પ્રત્યે જાગ્રત ન થાય તો એની ઘણી ખરાબ દશા થાય છે. એ અસત્યવાદી, વ્યસની, આસક્ત અને હિંસક બની જાય છે. આવા અજ્ઞાની મનુષ્યની દશા વિશે 'દશવૈકાલિક સૂત્ર'માં કહ્યું છે :

**निच्चुव्विऽगो जहा तेणो, अत्त कम्मेहिं दुम्मइ ।**
**तारिसो मरणंते वि नाऽऽराहेइ संवरं ॥११॥**

(दश. अ. ५, उ. २, गा. ३९)

“જેવી રીતે રોજ ભયભીત રહેતો ચોર પોતાનાં કુકર્મો વડે દુ:ખી થાય છે, તેવી જ રીતે અજ્ઞાની મનુષ્ય પોતાનાં કુકર્મોને લીધે દુ:ખી થાય છે અને અંતકાલ પાસે આવતાં છતાંય તે સંયમની આરાધના કરી શકતો નથી.”

એક એંશી વર્ષનાં માજી મરણપથારીએ હતાં. જીવનના આખરી શ્વાસ લેતાં હતાં. કોઈએ એમને કહ્યું કે માજી, હવે બધાંને ખમાવો. ત્યારે માજીએ કહ્યું, કે હું બધાંને ખમાવું છું પણ વચેટ દીકરીને ખમાવતી નથી, કારણ કે એ નખ્ખોદિયાનું મારે મોં જોવું નથી. આમ એંશી વર્ષે પણ, અને જિંદગીના આખરી શ્વાસેય માનવીના મનમાંથી ખોદિયો-નખ્ખોદિયો જતા નથી. છેલ્લે જ્યારે નવકાર સંભળાવતા હોય ત્યારે પણ માણસ જીવનનાં વેરઝેર અને બદલાની ગાંઠ વધુ ને વધુ મજબૂત બાંધતો હોય છે.

આમ, પર્યુષણના આ દિવસો એ આંતરખોજના દિવસો છે. માનવી સતત બહાર ભ્રમણ કરતો રહે છે. બહારની દુનિયા જોવી પણ સરળ હોય છે. એને માટે નજર હોય તો ચાલે, દૃષ્ટિની જરૂર નથી. આપણી ઇંદ્રિયોનું મુખ પણ બાહ્યજગત ભણી વિશેષ રહેતું હોય છે. પરંતુ **પર્યુષણના દિવસો એ આત્મનિરીક્ષણના દિવસો છે.** વ્યવહારમાં અનેક જીવોને દુભવવાનું બને છે. એમની તરફ અન્યાય, અનાદર કે અપરાધ થઈ જાય છે. વેર, વિરોધ કે વૈમનસ્ય જન્મે છે. આ બધાંનો વિચાર કરીને એ ભૂલભરેલા માર્ગેથી પાછા વળવાની વાત છે, એમની ક્ષમા માગવી, એમની સાથેનો વેર અને વિરોધ ત્યજી દેવો. એટલું જ નહીં પણ એમની સાથે મૈત્રીભાવ કેળવવો એ ક્ષમાપનાનો હેતુ છે.

**ક્ષમાપનાના મંત્રમાં ક્ષમા માગવી અને આપવી એમ બંને ભાવો સમાયેલા છે.** કોઈની ક્ષમા માગતાં પહેલાં માણસને અહંકારના શિખર પરથી નીચે ઊતરવું પડે છે. જે માગતાં મોટાઈ કે નાનાઈ નડે નહીં એનું નામ જ

મિચ્છા મિ દુક્કડં.

❑

# પર્યુષણ પર્વ એ આત્મમહોત્સવ પર્વ

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

મહાકવિ કાલિદાસ લખે છે કે – **उत्सव प्रियाः जनाः ।** ભારતીય સંસ્કૃતિ ઉત્સવપ્રિય સંસ્કૃતિ છે. જ્યાં આનંદ વર્તે છે ત્યાં ઉત્સવો થાય છે. મનની પ્રસન્નતા ઉત્સવરૂપે વ્યક્ત થાય છે. જૈનધર્મમાં અષ્ટાન્હિકા ઉત્સવ, તીર્થંકરોના કલ્યાણક ઉત્સવો, આયંબિલ ઓળી ઉત્સવ, જ્ઞાનપંચમી ઉત્સવ વગેરે છે. **તેમાં પર્યુષણપર્વ ઉત્સવ સાથે મહોત્સવ છે, આત્મ મહોત્સવ પર્વ છે.** તેથી જૈનો આ મહાપર્વને લોકોત્તર રૂપે ઉજવે છે. શ્રાવણ કૃષ્ણપક્ષના ત્રણ દિવસ અને ભાદ્રમાસ શુક્લ પક્ષના પાંચ દિવસ એમ આઠ દિવસ સુધી પ્રવર્તમાન મહોત્સવ તે પર્યુષણપર્વ છે. આત્મસૌન્દર્યનો આ મહોત્સવ છે. આત્મશૃંગારનું મહાપર્વ છે.

પર્યુષણપર્વમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની રત્નત્રયી સધાય છે. "અનિવાર્યપણે આવશ્યક છે - પ્રબળ વૈરાગ્યની". જીવનના દરેક પ્રસંગો વૈરાગ્યને વેગ આપે છે. સંસારભાવ પ્રતિ અનાસક્ત ભાવ તે વૈરાગ્ય છે. રાગ અને દ્વેષની ઘટના વૈરાગ્યમાં રૂપાંતરિત થાય છે. ભરત ચક્રવર્તી અરીસાભવનમાં છે. ભરતેશના વૈભવને કેમ અક્ષરાંકનમાં લાવી શકાય ? તે મહારાજા - છ ખંડના અધિપતિ આંગળીને અડવી જુએ છે — માત્ર એક આંગળીમાંથી વીંટી સરકી જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે -

**"દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,**
**છાંડી રાજસમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;**
**ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે પામ્યું અહીં પૂર્ણતા,**
**જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે યથા."**

વૈરાગ્ય-ઉપશમભાવ રત્નત્રયીની ધરોહર છે. આત્માના અપૂર્વ આનંદનું વેદન સિદ્ધસદને પહોંચાડે છે. પરમકૃપાળુદેવનો પરમ વૈરાગ્ય સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. શુક્લ, શુદ્ધ, પવિત્ર, નિર્મળ, ઉજજવલ વૈરાગ્યની આધારશિલા પર્યુષણપર્વનું પરમ માહાત્મ્ય છે. સાધકની દરેક ઘટના વૈરાગ્ય તરફ જ ખુલતી હોય છે. તેથી જ આત્મમહોત્સવ ઉજવાય છે. વૈરાગ્ય એવો આવે કે સાધક પ્રભુના પ્રેમમાં પાગલ બની જાય. **જેમ કપડાં પર ચોંટેલી રેતી ખરી જાય તેમ સંસારભાવ ખરી જાય તે સાધકનો વૈરાગ્ય છે.**

આ વૈરાગ્યભાવમાં સત્પુરુષનો યોગ થઈ જાય તો સાધકનું તેની ભૂમિકા પ્રમાણે સદ્ગુરુ ઘડતર કરે છે. પ્રથમ ભૂમિકાના સાધકને વધુ વ્યવહારબોધ અને અલ્પ નિશ્ચય બોધ આપે છે. પરિણત સાધકને અલ્પ વ્યવહારબોધ અને વધુ નિશ્ચયબોધ આપે છે. વ્યવહાર-નિશ્ચયનો અપૂર્વ સમન્વય સદ્ગુરુ કરી આપે છે. તેથી અલ્પ પ્રયાસે સ્વચ્છંદ-મત-આગ્રહ ક્ષય પામે છે. અભિપ્રાયની વિપરીતતા નષ્ટ થાય છે, જેથી સમ્યક્ત્વની ભૂમિકા અનુક્રમે ઘડાતી જાય છે. આત્મવિકાસ સધાતો જાય છે. સદ્ગુરુનો પરમ યોગ ઉત્સવ બની જાય છે. ઝૂંપડીમાં રહેતી વૃદ્ધ બાઈને દેરાસર બંધાવવું છે એવો વિચાર કર્યો. ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિને બોલાવીને કહ્યું, "હવે મારી પાસે બહુ થોડા વર્ષો છે. મને દેરાસર બંધાવવાની ઈચ્છા છે." "તમારી પાસે કેટલી મૂડી છે ?" વૃદ્ધબાઈ કહે, "મારી પાસે આટલા રૂપિયા છે." ગણ્યા તો ૯૦૦ રૂપિયા હતા. "આ મૂડીમાં દેરાસર ન બને." "મારી

વાત સાંભળો – આ ૯૦૦ રૂપિયા અને મારી ચેતના તથા તેમાં મારા સદ્‌ગુરુની કૃપા – પછી શું દેરાસર ન બને ? બને જ." આવી પરમ શ્રદ્ધા, શિષ્યામાં કે સાધકમાં કે શિષ્યમાં હોય તો અવશ્ય દુર્લભ કાર્ય સુલભ બને છે. અશક્ય કાર્ય શક્ય બને છે. ત્યારે ઉજવાય છે આત્મમહોત્સવ.

**પર્યુષણપર્વના આઠ દિવસ આત્મવિશ્વાસનો અવસર આપે છે. આઠ દિવસમાં વ્યક્તિ ધારે તો આઠ કર્મનો નાશ થાય તેવી ભૂમિકાનો મજબૂત પાયો નાખે છે.** સદ્‌ગુરુના ઉપનિષદ્‌માં જૈન જૈનત્વ પ્રાપ્ત કરી શકે છે. પર્યુષણપર્વ ચાતુર્માસ દરમ્યાન આવે છે. સાધુ ભગવંતોની સ્થિરતા હોય છે. ચાર મહિના વ્રત, નિયમ લેવા અને ઉપાશ્રયમાં જવાની તાલાવેલી હોય છે. જિજ્ઞાસાએ ઝંખનાનું રૂપ લીધું છે. તેથી આત્મવિચારણાની વીણાએ તાર છેડ્યો છે. તેથી તેનું મધુર સંગીત-મધુર સુરાવલી છેડાય છે. આ પર્યુષણપર્વનો માહોલ છે – તેમાં સદ્‌ગુરુની પરમકૃપા પ્રાપ્ત થાય છે.

**પર્યુષણપર્વમાં આત્મપ્યાસ કેવી હોવી જોઈએ ? ચાતક જેવી.** ચાતક પક્ષીના ગળા પાસે છિદ્ર હોય છે. ચાતક પક્ષી ચાંચથી પાણી પીવે તો ગળાના છિદ્રમાંથી પાણી બહાર નીકળી જાય તેથી ચાતક પક્ષીને ન સરોવરનું પાણી કામ આવે કે ન તો નદી કે ઝરણાનું પાણી કામ આવે. તેથી મેઘની પ્રતીક્ષા કરે. જ્યારે મેઘવર્ષા થાય ત્યારે ચાતક પક્ષી ઊંધુ પડી જાય, ચાંચ પહોળી કરે. પરિણામે વર્ષાના પ્રત્યેક બિન્દુ લઈ શકે અને તૃપ્ત થાય, ધરાઈ જાય. **પર્યુષણપર્વનો અવસર જૈનાનુરાગીને મેઘવર્ષા રૂપે બની રહે છે. આત્મઅસ્તિત્વમાં સાધક ઓગળી જાય છે.**

અખિયાં પ્રભુ દર્શન કી પ્યાસી...

પર્યુષણપર્વ આત્મશ્રદ્ધાનો અનેરો અવસર અર્પે છે. સદ્‌ગુરુની આજ્ઞાનું આરાધન અપૂર્વ શ્રદ્ધાથી થાય છે. **श्रद्धा परम दुल्लहा** - શ્રદ્ધા પરમ દુર્લભ છે. વિશ્વાસ - પ્રતીતિથી આત્મચૈતન્યમાં ઝુલાય છે. એક ગામમાં ગ્રામજનો ભેગા થઈને ભગવાનને રીઝવવા જતા હતા. કારણ કે ચોમાસું આવી ગયેલું પણ વરસાદ આવ્યો ન હતો. બધા મુંઝાયા હતા. ખેતર ખેડીને રાખ્યા હતા. ગ્રામજનો ભેગા થયા. તેમાં એક બાળક આવ્યો અને હાથમાં છત્રી લઈને આવ્યો. બધા કહે, "છત્રી લઈને કેમ આવ્યો ? આપણે તો હજી ભગવાનને પ્રાર્થના કરવા જઈએ છીએ." બાળક કહે, "ભગવાન આપણી પ્રાર્થના સાંભળે જ. વરસાદ આવશે જ. પાછાં વળતાં વરસાદને કારણે છત્રીની જરૂર પડશે. તેથી છત્રી લઈને આવ્યો છું." આવી અપૂર્વ શ્રદ્ધા સાધકમાં હોય તો સમ્યગ્‌દર્શન તો વેદાય – કેવળદર્શન પણ વેદાય. શ્રદ્ધાનો અપૂર્વ મહિમા છે. પર્યુષણપર્વમાં એકાન્ત આરાધનાને કારણે શ્રદ્ધા ઘૂંટાય છે.

આખી દુનિયા ફરીને, રખડીને થાકેલો યાત્રિક કહે છે – હવે તો ઘરે જઈએ... તેમ સાધક બોલી ઊઠે છે. તે વિભાવોથી થાકેલો છે, સંસારભાવથી રખડી રખડીને. **હવે હાલો ઘરે, સ્વરૂપ સદને.** આત્મરમણતામાં નિવાસ ઈચ્છે છે. સ્થિર થવા તેની આંતરચેતના આંગણું શોધે છે. નિજઘરમાં સદા નિવાસ ઈચ્છે છે. પર્યુષણપર્વ નિજઘરમાં લઈ જવા ચેતનાને ગામમાં – ગામથી શેરીમાં – શેરીમાંથી આંગણામાં – આંગણામાંથી ઓસરીમાં – ઓસરીમાંથી ઓરડામાં અને ઓરડામાંથી પછી જિનપદ નિજપદ એકતામાં લવલીન કરે છે.

પરમપૂર્ણાનંદ માટે સાધક ભેદજ્ઞાન અભ્યાસી બને છે. સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદ આચાર્ય જણાવે છે કે

**यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युस्थितः पुनः ।**
**अतीन्द्रियमनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥**

*અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપના અભાવે હું સૂતો પડી રહ્યો હતો. અજ્ઞાન અવસ્થામાં હતો. શુદ્ધાત્મસ્વરૂપના સદ્ભાવમાં હું જાગી ગયો. યથાવત્ નિજસ્વરૂપને ભાવવા લાગ્યો. શુદ્ધાત્મસ્વરૂપ ઈન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય, વચનોથી અગોચર અને સ્વાનુભવગમ્ય છે.* **अहम् अस्मि इति** *- તે હું છું.* **ભેદજ્ઞાનના અભ્યાસી દેહથી, ઈન્દ્રિયોથી, બાહ્ય પદાર્થોથી ભિન્ન શુદ્ધાત્મસ્વરૂપ છું એવો સ્થિરતાનો અભ્યાસ કરે છે.** *પરમકૃપાળુદેવે મૂળમારગ સાંભળો જિનનો રે – એ કવિતામાં પરમોચ્ચ ક્રમ આપ્યો છે :*

*“છે દેહાદિથી ભિન્ન આતમા રે,*
*ઉપયોગી સદા અવિનાશ ...મૂળ*
*એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,*
*કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ ...મૂળ*
*જે જ્ઞાને કરીને જાણિયું રે,*
*તેની વર્તે છે શુદ્ધ પ્રતીત ...મૂળ*
*કહ્યું ભગવંતે દર્શન તેહને રે,*
*જેનું બીજું નામ સમકિત ...મૂળ*
*જેમ આવી પ્રતીતિ જીવની રે,*
*જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ ...મૂળ*
*તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,*
*નામ ચારિત્ર તે અણલિંગ ...મૂળ*

*આ કવિતામાં ભેદજ્ઞાન, શુદ્ધપ્રતીત, સમ્યક્જ્ઞાન અને સ્થિર સ્વભાવની રત્નત્રયી અંકિત થઈ છે.*

**પર્યુષણપર્વ સમભાવના પ્રયોગમાં પ્રતિષ્ઠિત કરે છે. સાધક રાગ-દ્વેષથી પર થાય છે. સ્થિરતાના અનુભવનમાં આત્મોત્સવ ઉજવાય છે.** *ગુરુ અને શિષ્ય શહેરની શેરીમાંથી પસાર થઈ રહ્યા છે. એક બહેને નીચે જોયા વગર મેડા ઉપરથી રખિયા નાખી; જે નીચે ચાલતા ગુરુ-શિષ્ય ઉપર પડી. શિષ્ય બોલી ઉઠ્યો, “આમ ઉપરથી નીચે જોયા વગર રખિયા નખાય ?” ગુરુ હસ્યા, “આમેય બાવા તો છીએ. આ તો ભભૂતિ મળી !” રખિયા નાખનાર પર અંશ માત્ર દ્વેષ નથી. એકદા ગુરુ-શિષ્ય પ્રવચનાર્થે સભામાં ગયા. તેઓનું સન્માન કરતાં તેઓના ભક્તોએ પુષ્પહારથી નવાજ્યા. તેનો ગુરુને રાગભાવ પણ નથી.* **રાગ અને દ્વેષથી જે પર છે તે જ સંતત્વને પામે છે.**

**પર્યુષણપર્વ ભલે અષ્ટદિવસીયપર્વ ગણાય પણ સાધક તો તે સ્વરૂપચેતનાનું સાતત્ય જાળવી રાખે છે. તેથી ક્ષણે ક્ષણે પ્રસંગે પ્રસંગે પર્યુષણપર્વ મ્હાલે છે.** *પરમ ક્ષમાભાવનું આ પર્વ છે. આંતરબાહ્ય વિભાવોથી પરસ્પર ક્ષમાભાવથી ભાવિત થઈ* **मिच्छा मि दुक्कडम्** *કહે છે. મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ એવી ભાવના પર્વને મહાપર્વ બનાવે છે. જૈનધર્મ દ્રવ્યઅહિંસા અને ભાવઅહિંસા પ્રધાન ધર્મ છે. પરસ્પર વિષમભાવથી વિરક્ત થઈ ક્ષમાભાવમાં સ્થિર થાય છે. જૈન ભાઈઓ-બહેનો જગતના સર્વ જીવો સાથે મૈત્રીભાવ ભાવે છે.*

**खामेमि सव्वे जीवा सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणई ॥**

*પર્યુષણપર્વના અનેક પરમોચ્ચ શિખર છે. તેમાં સર્વોત્તમ શિખર ક્ષમાભાવ છે.*

*ચૈતન્યની ગરિમા, સ્વરૂપની અસ્મિતા, આનંદની નિઃસીમતા, સમતાની દિવ્યતા, શ્રદ્ધાની ઓજસ્વિતા, જ્ઞાનની તેજસ્વિતા, ચારિત્રની સ્થિરતા એટલે પર્યુષણપર્વ. પર્યુષણપર્વ એ જ આત્મમહોત્સવપર્વ છે.*

# પર્યુષણ પર્વ - ક્ષમાપનાનું પર્વ

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી

**ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.**

**- શ્રીમદ્ રાજચંદ્ર**

**વ્યાખ્યા**

*આક્રોશ, આવેગ ઉત્પન્ન કરે એવા બાહ્ય કારણોનો સંયોગ હોવા છતાં અને પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં પોતાની અંતરની કરુણા અને સમતાને કારણે ક્રોધ ઉત્પન્ન ન થવા દેવો તે 'ક્ષમા' નામનું ધર્મનું ઉત્તમ અંગ છે.*

*'ક્ષમા' આપણો સ્વભાવ છે. આત્માના ધર્મના (આપણા) દસ લક્ષણ કહ્યાં છે, એમાંનું પ્રથમ અંગ ક્ષમા છે.*

- *"પ્રથમ અંગ ક્ષમા કહ્યું, ધર્મતણું મહામૂલ,*
  *શાંત સુધારસ સેવીએ, ક્રોધ કરી નિર્મૂળ;*
  *ભલે કોઈ ક્રોધ કરી મરણાંત ઉપસર્ગ કરે રે,*
  *છતાં સમભાવે રહી સાધક,*
  *તે પર કરુણા ધરે રે..... ભવિજન*
  *ભાવ ધરીને જિનદશા આરાધીએ રે.*

**- પૂજ્યશ્રી ધ્યાનવિજયજી મહારાજ**

- उत्तम क्षमामार्दवआर्जवसत्यशौचसंयमतपत्याग–
  आकिंचन्यब्रह्मचर्यपरिणाम: परिणति ईति धर्म: ।

**– श्री कार्तिकेयानुप्रेक्षा**

- अद्वेष्टा सर्वभूतानां मैत्र: करुण एव च ।
  निर्ममो निरहंकार: समदु:खसुख: क्षमा ॥

**– श्रीमद् भगवद्गीता – १२/१३**

*ઉપરોક્ત ગુણોવાળાને ભગવાનના સાચા ભક્ત કહ્યા છે.*

*હવે ક્ષમાથી વિપરીત ક્રોધનું (આત્માનો વિકારીભાવ) સ્વરૂપ વિચારીએ. તેની ભયંકરતા સમજીએ તો જ ક્ષમાનું અમૂલ્ય સ્વરૂપ હૃદયમાં ધારણ કરી શકાય.*

- काम एष क्रोध एष रजोगुण समुद्भव: ।
  महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम् ॥

**– श्री भगवद्गीता – ३/३७**

**અર્થ :-** *શ્રી કૃષ્ણ ભગવદ્ગીતામાં કહે છે કે રજોગુણથી ઉત્પન્ન થનારો આ કામ એ જ ક્રોધ છે. એ ઘણું ખાનારો અને ભોગોથી કદી ન તૃપ્ત થનારો મહાપાપી છે. આ સંસારમાં આને તું શત્રુ જાણ.*

*ક્રોધ એ ચોર, ક્ષમાનો વેરી અને આત્માના ગુણોને લૂંટી લેનાર લૂંટારો છે અને આત્માની સંપત્તિને બાળી નાખનાર અગ્નિ સમાન છે. એને જીતવા માટે 'ક્ષમા' એ અમોઘ શસ્ત્ર છે.*

- त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मन ।
  काम: क्रोध तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

**– श्री भगवद्गीता – १६/२१**

**અર્થ :** *આત્માનો નાશ કરનારા ત્રણ પ્રકારના નરકના દ્વાર છે. માટે એ ત્રણ કામ, ક્રોધ તથા લોભનો તરત જ ત્યાગ કરી દેવો જોઈએ.*

- *ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફલ જાય,*
  *ક્રોધ સહિત જે તપ કરે, તે તો લેખે ન થાય,*
  *કડવા ફળ છે ક્રોધના.*

**- પૂજ્ય ઉદયરત્નજી મહારાજ**

*આપણે જો ક્રોધના ભયંકર તાંડવનૃત્યને આધીન ન થવું હોય તો તેને ઓળખીને મૂળથી જ*

ઉખાડી નાખવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તે આપણા સહજ-ક્ષમા સ્વભાવ દ્વારા જ થઈ શકે. ઉત્તમ ક્ષમા તો મહાન સંતો જ પાળી શકે કારણ કે તેઓએ તીવ્ર કષાયોને (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન રૂપ ક્રોધ, માન, માયા, લોભ) જીતી લીધાં છે. આપણે પણ જો અભ્યાસ કરીએ તો ક્રોધને જીતી શકીશું. તેનો અભ્યાસ કરવા માટે પૂજ્ય સંતશ્રી આત્માનંદજીએ બે કક્ષામાંથી પસાર થવાનું જણાવ્યું છે :

**[૧]** ક્રોધના સૂક્ષ્મ સ્વરૂપનું જ્ઞાન

**[૨]** ક્ષમાનો દૈનિક જીવનમાં પ્રયોગ

**ક્રોધ આપણા આત્માની વિકારી અવસ્થા છે, જેના ત્રણ કારણો છે :**

૧. **બાહ્ય કારણ :** વસ્તુ / વ્યક્તિ કે જેણે આપણને નુકસાન કર્યું અથવા જેણે આપણી અપેક્ષા પૂરી ન કરી. આપણા આગ્રહોને ન સ્વીકાર્યા.

૨. **અંતરંગ કારણ :** ચારિત્ર મોહનીય કર્મનો ઉદય અને તેને આધીન થઈ જવું.

૩. પોતાના મૂળ ક્ષમા સ્વભાવનું લક્ષ ન રહેવું તે મુખ્ય કારણ.

## ક્ષમાનો દૈનિક જીવનમાં પ્રયોગ :

આપણે આપણા સહજ સ્વભાવનો-સહજ ક્ષમા સ્વભાવનો નિર્ણય કરવો જરૂરી છે. ક્રોધ ઉત્પન્ન થતાં જાગૃતિ રાખવાની છે કે આ ક્રોધ તો મને દુઃખ આપનારો શત્રુ છે, અપવિત્ર છે, મને આકુળ-વ્યાકુળ કરી દેનારો છે. હું તેને જાણનારો અનંત શક્તિનો ભંડાર 'જ્ઞાયક' એવો ચૈતન્યસ્વરૂપી આત્મા છું. હું તો ક્ષમા સ્વરૂપ છું. આ પ્રમાણે આપણે ભેદજ્ઞાન દ્વારા આપણા ક્ષમા સ્વભાવ અને ક્રોધરૂપી વિકારને જુદા કરવાના છે, જે દ્વારા આપણને સમતા અને શાંતિની પ્રાપ્તિ થશે.

આપણે પર્યુષણપર્વના અંતિમ દિને સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા સૌને ખમાવીએ છીએ. સૌને મિચ્છા મિ દુક્કડં અંતરથી કહી હળવા થઈએ છીએ. સર્વ જીવ પ્રત્યે મન, વચન, કાયાથી થયેલા દોષોની અંતરથી ક્ષમા માંગીએ છીએ અને ફરીથી તેવા દોષો ન કરવાની પ્રતિજ્ઞા કરીએ છીએ. આમ આ પર્વ વૈજ્ઞાનિક રીતે આપણને જૂના કર્મોની નિર્જરા કરાવે છે અને નવા કર્મનું બંધન થતું અટકાવે છે. **ક્ષમા દ્વારા મૈત્રીભાવની વૃદ્ધિ થાય છે. વૈરભાવ ઓછા થાય છે. આપણી બીજા પ્રત્યે અપેક્ષાઓ ઘટે છે અને સમતાભાવ વર્ધમાન થાય છે કે જે સાચો ધર્મ છે.**

## ક્ષમાભાવ ધરનારના દૃષ્ટાંત :

**[૧]** ભગવાન મહાવીરે ચંડકોશિયા નાગને ક્ષમા આપી બોધ આપ્યો —

"વેરથી વેર શમે નહીં જગમાં, પ્રેમથી પ્રેમ વધે જીવનમાં,
એવા પ્રેમધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શિરનામી,
મહા ભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી"

**[૨] સંત એકનાથ :** મહારાષ્ટ્રના સંત એકનાથને ક્રોધ કરાવવા એક દુર્જને નિર્ણય કર્યો. સંત ગોદાવરી નદીમાંથી સ્નાન કરીને આવ્યા તે વખતે દુર્જને તેમના ઉપર કોગળો કર્યો, તેથી તેઓ ફરી નહાવા ગયા. તેણે ફરીથી કોગળો કર્યો. આમ વારંવાર કર્યું પણ એકનાથજીએ જરા પણ ક્રોધ ન કર્યો અને સમતા રાખી. છેવટે પેલો વ્યક્તિ શરણે આવ્યો ત્યારે તેઓએ તો તેનો ઉપકાર માન્યો કે ભાઈ તારે લીધે મારે ૧૦૮ વાર ગોદાવરીમાં સ્નાન થયું !

## ઉપસંહાર — બોધ :

ક્ષમા એ વીરોનું ભૂષણ છે. ક્ષમાના અભ્યાસ માટે :

(૧) આપણે આપણા આગ્રહો બીજા ઉપર ન લાદવાં.

(૨) સંબંધોમાં સંવાદિતા રાખવી; જેથી જીવનમાં પ્રેમ, સંતોષ, પરસ્પરનો આદર પ્રગટે.

(૩) ક્ષમા એ આપણી સમજણ (જ્ઞાન) માંથી જન્મતું વર્તન છે. દુનિયામાં કોઈ પૂર્ણ નથી. દરેકની મર્યાદા હોય છે. સામેની વ્યક્તિની **મર્યાદાનો સ્વીકાર** કરવો, જેથી વધુ આશા ન થાય. **અપેક્ષા** પૂરી ન થાય તેની તૈયારી રાખવી. સામેની વ્યક્તિ પ્રત્યે ઉદારદિલતા, સહાનુભૂતિ અને કરુણા તે ખરી ક્ષમા છે.

(૪) કોઈને ક્ષમા આપીને હું ઉપકાર નથી કરતો પણ હું મારી ઉપર તેનો ઉપકાર માનું છું કે એ વ્યક્તિએ મને ઉદાર બનવાની તક આપી.

(૫) સહજ સ્વભાવરૂપ અંતરની ક્ષમા મુક્તિ અપાવે છે. અંતરંગ આવેગો – રોષ – ચિંતા – વિષાદ આદિ બંધન કરાવે છે. માટે હંમેશાં દૈનિક વ્યવહારમાં ક્ષમાનું આચરણ કરવું.

## અંતમંગળ

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्व भूएसु, वेरं मज्झं न केणई ॥

**ભાવાર્થ :** આ ગાથા શ્રી વટ્ટકેરસ્વામી કૃત મૂલાચાર બૃહત્પ્રત્યાખ્યાન નામના શાસ્ત્રની છે. (ગાથા ૪૩) અહીં સાધક કહે છે કે હું સર્વ જીવની ક્ષમા માગું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો સાથે મારી મૈત્રી રહો અને આ વિશ્વના કોઈપણ જીવ પ્રત્યે મને વેરભાવ ન રહો. આ ગાથા ભાવપૂર્વક સમજવાથી આપણામાં ક્ષમા, વિનય, સરળતા, સંતોષ આદિ ગુણોનો આવિર્ભાવ થાય છે. એટલે આ ક્ષમાપનાનું પર્વ માત્ર ક્રોધકષાયના ત્યાગ પૂરતું મર્યાદિત નથી. તેમાં ઉપલક્ષથી આપણા આત્માના ઉત્તમ દશ ધર્મની આરાધનાનો સમાવેશ થઈ જાય છે.

આવો ! આપણે સૌ હૃદયના ભાવપૂર્વક ક્ષમાપના પર્વ (પર્યુષણ પર્વ) ની આરાધના દ્વારા આપણો આ મનુષ્યભવ સફળ કરીએ.

## ક્ષમાદિ ધર્મને વર્ણવતા મહાપુરુષોના વચનો

(૧) જીતે ક્ષમાથી ક્રોધને, વળી માર્દવેથી માનને,
આર્જવ થકી માયા અને સંતોષ દ્વારા લોભને.

**- શ્રી નિયમસાર-૧૧૫**

(૨) કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ.

**- શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર-૧૦૪**

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

---

**પાવન પર્યુષણ પર્વ...**

(પાના નં. ૩૧ પરથી ચાલુ...)

ચૌદ રાજલોકમાં રહેલો એક પણ જીવ એવો નથી કે જેના પરિચયમાં હું ન આવ્યો હોઉં. એક પણ જીવ એવો નથી કે જેને મન-વચન-કાયાથી દુઃખ ન આપ્યું હોય. એ સર્વ જીવોની હે પરમાત્મા ! આપની સાક્ષીએ શુદ્ધ અંતઃકરણથી ક્ષમા માગું છું અને સર્વ જીવો મને ક્ષમા કરો, ક્ષમા કરો.

હે પરમકૃપાળુ દેવ ! હે પરમાત્મા ! આ પર્યુષણ પર્વ નિમિત્તે આ શિષ્ય બે હાથ જોડીને મસ્તક નમાવીને આપની પાસે બસ આટલું જ માગી રહ્યો છું કે આ મારો મનુષ્યભવ સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની અભેદ આરાધનાનું પર્વ બને. પરમાનંદની પૂર્ણતા, નિજાનંદની મસ્તી, સહજાનંદની સિદ્ધિ, પ્રેમાનંદની પારદર્શિતા, ચિદાનંદની ચેતના જગતના સર્વ જીવમાં પ્રગટ કરો... પ્રગટ કરો...

# પર્યુષણ પર્વ - એક બિનસાંપ્રદાયિક દૃષ્ટિકોણ

**અશોકભાઈ પી. શાહ**

*પર્યુષણ પર્વ એટલે ચારે બાજુથી, વિવિધ પ્રકારની ધર્મઆરાધના વડે આત્મામાં વસવું. તેને પર્વાધિરાજ એટલા માટે કહે છે કે જગતમાં સર્વોત્કૃષ્ટ એવા શુદ્ધાત્મ તત્ત્વની સન્મુખ થવાનો આ ઉત્કૃષ્ટ આનંદોત્સવ છે.* **પર્યુષણ એટલે 'જૈનોનું પર્વ' એટલું માત્ર નહીં, પરંતુ જ્ઞાન, ધ્યાન, વૈરાગ્ય, ભક્તિ, દાન, તપ આદિની વિશિષ્ટ આરાધના કરી મૂળમાં પરમાત્મ સ્વરૂપ એવા પોતાના સૂતેલા આત્માને મોહનિદ્રામાંથી જગાડવાનો એક સુઅવસર.**

*આ વખતે અધિક માસને લીધે બે પર્યુષણ ઉજવાશે - ઓગસ્ટમાં અને સપ્ટેમ્બરમાં. આ વિશે વિવિધ વ્યક્તિઓનું શું વલણ હશે તે જરા વિચારીએ. જે આત્માર્થી જીવ હશે તે વિચારશે : "વાહ ! ધન્યભાગ્ય ! વિશિષ્ટ સાધના કરવાના બે અવસર પ્રાપ્ત થયા !" બીજો વર્ગ મતાગ્રહીનો હશે, જે પોતાના પક્ષના પર્યુષણને ઉજવવાનો 'આગ્રહ' રાખશે. ત્રીજો વર્ગ મધ્યસ્થ હશે, જેને કોઈપણ પર્યુષણ સામે કોઈ ભેદભાવ નથી, પરંતુ પોતાની શક્તિ-ભક્તિ અનુસાર કોઈ એક પર્યુષણમાં વિશિષ્ટ ધર્મ-આરાધના કરશે.*

*અહીં નિષ્પક્ષપણે વિચારણીય વાત બીજા વર્ગની છે કે જે પોતાની સાંપ્રદાયિક માન્યતાનો આગ્રહ રાખે છે. શું આખો જૈન સમાજ સંપીને પર્યુષણ કોઈ એક સમયે ઊજવી ન શકે ? દરેક સંપ્રદાયના ધુરંધર આચાર્યો છે, જે એક પ્લેટફોર્મ પર ભેગા થઈ આખા જૈન સમાજને એકત્રિત કરી શકે. તેઓમાં એટલી વ્યવહારકુશળતા તો છે જ કે કઈ રીતે પર્યુષણ એક સાથે ઉજવાય, તેવા પ્રશ્નોનો ઔદાર્યતાપૂર્વક નિકાલ લાવી શકે. મહાવીરના અનુયાયીઓમાં આટલી ઉદારતા તો પાયાના સ્તરે અપેક્ષિત છે.* **જ્યાં વિશ્વપ્રેમ, અહિંસા, અનેકાંત, અપરિગ્રહ અને આત્માની શુદ્ધિ સિવાયની બધી વાતો અસ્થાને છે, તેવા મહાવીરના પંથમાં આટલા ફાંટા શા માટે ?** *અહીં કવિશ્રી શાંતિલાલ શાહની પંક્તિઓ યાદ આવે છે કે :*

*"જુદી ક્રિયાઓ, સૂત્રો જુદાં, અનુમાનો પણ નો'ખા,*
*એમ જ લાગે જાણે સહુના, મહાવીર નોખા નોખા !*
*એક ધર્મના અનેક ફાંટા, જોઈને મૂંઝાવું,*
*હે વીતરાગી મહાવીર સ્વામી, તમે કહો ક્યાં જાઉં?"*

*જો કે દરેક સંપ્રદાયનું લક્ષ મોક્ષ જ હોય અને તે માટેની સાધનાપદ્ધતિ પણ વિભિન્ન હોઈ શકે છે. તેથી દેશકાળ પ્રમાણે સંપ્રદાયો થયા હોય. પરંતુ 'અમે જ સાચા' એવો જો આગ્રહ હોય તો તે મહાવીરના માર્ગથી દૂર છે. ઉપર પ્રમાણે જો જૈન સમાજ એકત્રિત થશે તો એકબીજાની સાધનાપદ્ધતિ અને વિચારસરણીની આપ-લેનો મોટો લાભ મળશે અને આવો એકત્રિત જૈન સમાજ રાષ્ટ્ર ઉપર ઘણો પ્રભાવ પાડી શકશે.*

*ઉત્તમ સાધક માટે તો હર ઘડી, હર પલ, હર દિવસ પર્યુષણ પર્વનો જ અંશ છે, કારણકે પોતાના દોષોનું નિરીક્ષણ કરતું પ્રતિક્રમણ તેનું નિરંતર ચાલુ છે અને નિરંતર આત્મ-વિશુદ્ધિનો લક્ષ છે. પર્યુષણ પર્વમાં તો તે 'જરા-જોર લગાકે હૈયા' કરી વિશિષ્ટ જ્ઞાન-ધ્યાન-વૈરાગ્ય વિચારબળના જોરે વિશિષ્ટ સંવર-નિર્જરા કરી, ફળ સ્વરૂપે કોઈ ધન્યપળે અંતર્મુખ થઈ પરમાત્મપદનો અધિકારી બની જાય છે.*

*પર્યુષણ પર્વ માટે જે કંઈ વિચારો રજૂ કર્યા, તેમાં જાણ્યે-અજાણ્યે કોઈને અલ્પ પણ મનદુઃખ પહોંચાડ્યું હોય તો ક્ષમાપનાના આ શુભ અવસરે સૌની ક્ષમા માગી વિરમું છું.*

# પર્યુષણ પર્વની લાક્ષણિકતા

B B B B B B B B B **વલભજી હીરજી 'કેવલ'** B B B B B B B B B

*પ્રત્યેક ધાર્મિક પર્વનું પ્રયોજન આત્મામાં વીતરાગભાવની વૃદ્ધિ કરવાનું હોય છે. પર્યુષણ પર્વ વિશેષપણે આત્મગુણોની આરાધના સાથે સંબંધ રાખે છે. તેથી આ પર્વ સત્ય, સંયમ અને સાધનાનું પર્વ છે.*

*અનાદિકાળથી પ્રત્યેક આત્મા, આત્મામાં જ ઉત્પન્ન આત્માના જ વિકારો - ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય, અસંયમને કારણે જ દુઃખી અને અશાંત થઈ રહ્યો છે.* **દુઃખ દૂર કરવાનો એકમાત્ર ઉપાય આત્મઆરાધના છે. આત્મ સ્વભાવને ઓળખી, તેની જ શ્રદ્ધા કરી, એમાં જ જામી જવાથી અતીન્દ્રિય આનંદ અને સાચી શાંતિની પ્રાપ્તિ થાય છે.** *વસ્તુતઃ ચારિત્ર એ જ સાક્ષાત્ ધર્મ છે. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન તો ચારિત્રરૂપ વૃક્ષનાં મૂળ છે. ધર્મ તો મિથ્યાત્વ અને કષાયના અભાવનું નામ છે. ધર્મ તો વસ્તુના સ્વભાવને કહે છે, તેથી તે સદ્ભાવ સ્વરૂપ જ છે.*

*જ્ઞાન એ આત્મવસ્તુનો સ્વભાવ છે, તેથી તે ધર્મ છે. અજ્ઞાન આત્માનો વિભાવ છે. એ જ પ્રમાણે ક્ષમા આત્માનો સ્વભાવ છે. તેથી તે ધર્મ છે. આત્માના વિભાવ પરિણમનને ક્રોધ કહેવામાં આવે છે. એ પ્રમાણે જ્ઞાનનો અભાવ તે અજ્ઞાન, ક્ષમાનો અભાવ તે ક્રોધ, માર્દવનો અભાવ તે માન, આર્જવનો અભાવ તે માયાચાર, શૌચનો અભાવ તે લોભ. વિશ્વમાં જે કાંઈ અનિષ્ટ નજરે પડે છે તે સર્વ ક્રોધાદિ વિકારોનું પરિણામ છે. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માની અરુચિ અનંતાનુબંધી ક્રોધ છે. આત્માનો અનુભવ ક્ષમાની પ્રાપ્તિનો વાસ્તવિક ઉપાય છે. ક્ષમા એક અકષાય સ્વરૂપ છે.*

*માન અને દીનતા બંને માર્દવના વિરોધી ભાવો છે. માર્દવની પ્રાપ્તિ માટે દેહ સાથેની એકત્વબુદ્ધિ તોડવી પડશે. દેહમાં એકત્વબુદ્ધિ મિથ્યાત્વના કારણે થાય છે. મિથ્યાત્વનો અભાવ આત્મદર્શન દ્વારા થાય છે.*

*મન-વચન-કાયાની એકતારૂપ આર્જવ છે, અને એ ત્રણેની વિરૂપતા જ માયા કષાય છે. માયાચાર છે. જેવો આત્માનો સ્વભાવ છે તેને તેવો જ જાણવો, તેવો જ માનવો અને તેમાં જ તન્મય બની પરિણમી જવું એ જ વીતરાગી સરળતા છે. એ જ આર્જવ છે.*

*પાંચેય ઈન્દ્રિયોના વિષયોની તેમ જ માન કષાયની પૂર્તિનો લોભ એ જ લોભ છે. આત્મસ્વભાવને ઢાંકી દેનાર શૌચ વિરોધી લોભ કષાય જ્યારે તીવ્ર સ્વરૂપમાં હોય છે ત્યારે અન્ય કષાયોને પણ દબાવી દે છે. કષાયોમાં સહુથી છેવટ સુધી રહેવાવાળો લોભ કષાય છે. આત્માને અપવિત્ર કરવાવાળા મોહ-રાગ-દ્વેષને દૂર કરવા માટે પોતાને જાણો, પોતાને ઓળખો અને પોતામાં જ સમાઈ જાઓ .*

*સત્ય એટલે સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન સહિત વીતરાગભાવ. જ્યાં સુધી આત્મવસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજે નહીં, ત્યાં સુધી સત્યની ઉત્પત્તિ જ સંભવિત નથી. સાચું-યથાર્થ જાણવું અને માનવું એ જ સત્ય પ્રાપ્ત કરવારૂપ છે. આત્મા સત્યને પ્રાપ્ત કરી રાગદ્વેષનો અભાવ કરીને વીતરાગરૂપ પરિણતિ પ્રાપ્ત થવી એ સત્યધર્મ છે. અસત્ય કાં તો વાણીમાં હોય છે વા જ્ઞાનમાં, વસ્તુમાં નહીં. આવશ્યકતા આપણા જ્ઞાન અને વાણીને વસ્તુસ્વરૂપને અનુરૂપ*

બનાવવાની છે. સત્ય બોલવા માટે સત્ય જાણવું જરૂરી છે. સત્ય જાણવું, શ્રદ્ધવું અને સત્યના આશ્રયથી ઉત્પન્ન વીતરાગપરિણતિરૂપ સત્ય પ્રાપ્ત કરવું એ જરૂરી છે.

સંયમ બે પ્રકારના હોય છે (૧) પ્રાણીસંયમ (૨) ઈન્દ્રિયસંયમ. છ કાયના જીવોનો ઘાત અને ઘાતના ભાવોના ત્યાગને પ્રાણીસંયમ અને પંચેન્દ્રિયના તથા મનના વિષયોના ત્યાગને ઈન્દ્રિયસંયમ કહે છે. સમ્યગ્દર્શનપૂર્વક આત્માના આશ્રયે ઉત્પન્ન થતી અનંતાનુબંધી ત્રણ વા બે કષાયોના અભાવમાં પ્રગટ વીતરાગપરિણતિરૂપ સંયમ જ્યારે અંતરમાં પ્રગટ થાય છે ત્યારે તે જીવની બાહ્ય પરિણતિ પણ પંચેન્દ્રિયોના વિષયો અને હિંસાદિ પાપોના સર્વદેશ વા એકદેશ ત્યાગરૂપ નિયમથી હોય છે. વિષયોમાં ફસાવવામાં નિમિત્ત હોવાથી ઈન્દ્રિયો સંયમમાં બાધક છે, સાધક નહીં. પરજ્ઞેયનો લોભી આ આત્મા સ્વજ્ઞેયને ભૂલી ગયો છે. બાહ્ય પદાર્થોને જાણવાની વ્યગ્રતામાં અંતરમાં અવલોકવાની ફુરસદ જ એને નથી. બીજું, ઈન્દ્રિયોના માધ્યમ દ્વારા જેટલું પણ જાણવામાં આવે છે તે સઘળું પુદ્‌ગલ સંબંધી જ હોય છે. આ જ કારણે ઈન્દ્રિયજ્ઞાન આત્મજ્ઞાનનું સાધક નહીં, બાધક જ છે.

સર્વ વસ્તુઓ પ્રતિ જ્યારે આપણને ઉપેક્ષાભાવ હોય ત્યારે એ સાચો ત્યાગ ગણાય. ત્યાગ કરીને આ જીવ આકિંચન્યધર્મનો ધારક બની જાય છે. સારભૂત આત્મસ્વભાવને પ્રાપ્ત કરી લે છે. જ્ઞાનાનંદ સ્વભાવી આત્માના આશ્રયે મોહ, રાગદ્વેષથી નિવૃત્ત થવું, એમને છોડવાં એ જ આકિંચન્ય છે. પરમાં એકત્વબુદ્ધિ અને લીનતાનો અભાવ એ આકિંચન્ય છે. પરિગ્રહ સહુથી મોટું પાપ છે. આકિંચન્ય સહુથી મોટો ધર્મ છે. **રાગ-દ્વેષ-મોહાદિ ભાવોની ઉત્પત્તિ જ હિંસા છે અને એ ભાવોની ઉત્પત્તિ ન થવી એ જ અહિંસા છે.**

ઈચ્છાનો નિરોધ કરી સ્વરૂપ-સ્વભાવની સ્થિરતાને તપ કહેવામાં આવે છે. **સ્વરૂપમાં વિશ્રાંતિરૂપ ચૈતન્યનું પ્રતપન થવું, દેદીપ્યમાન થવું તે તપ છે.** સમ્યગ્દર્શન થયા પછી અકષાય સ્વભાવના જોરે આહારની ઈચ્છા તૂટી સ્વરૂપમાં સ્થિરતા થાય તે તપ છે. અંદર જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં, વચ્ચે અશુભમાં ન જવા માટે, અનશન વગેરે બાર પ્રકારના શુભ ભાવને તપ કહેલ છે તે ઉપચારથી છે. **રોટલા છોડવા તે તપશ્ચર્યા નથી, પણ સ્વભાવમાં રમણતાં થતાં રોટલા સહજ છૂટી જાય તે તપ છે અને અંતરની લીનતામાં જે આનંદ તે તપશ્ચર્યાનું ફળ છે.**

વિશેષ મહત્ત્વપૂર્ણ અને અધિક ધ્યાન યોગ્ય વાત આ છે કે **ક્ષમાયાચના અને ક્ષમાદાન એ બન્નેય વૃત્તિ હૃદયને હળવું કરનારી ઉદાત્ત વૃત્તિ છે. વેરભાવને મટાડી પરમશાંતિ આપવાવાળી છે.** આપણે સ્વયંને પણ ક્ષમા કરીને પોતામાં જ રમણ કરી, લીન થઈ ઠરી જઈએ અને અનંત શાંતિનો સાગર એવા નિજ શુદ્ધાત્મ તત્ત્વમાં નિમગ્ન થઈ અનંત આનંદમાં લીન થઈએ.

**ક્ષમાપના**

હે ભગવાન ! આ ભવમાં અને ભવોભવમાં મોહ અને અજ્ઞાનને કારણે ઘણા જીવો સાથે વેર-વિરોધ થયો હોય, અજ્ઞાનથી અંધ બનીને ઘણા જીવો પર ક્રોધ કર્યો હોય તો આજે આપની સાક્ષીએ એ બધા જીવોને ખમાવું છું અને ક્ષમાયાચના કરું છું. મારી પ્રત્યે જેણે કષાયો કર્યા હોય એ જીવોને હું ક્ષમા આપું છું અને જે જીવો પ્રત્યે મેં ક્રોધ કર્યો હોય એમની ક્ષમા યાચું છું. એ જ પ્રકારે અન્ય સર્વ કષાયો માટે ક્ષમા યાચું છું. હવે પૂર્ણ અકષાય સ્વભાવનું લક્ષ થાય અને એ સ્વભાવ પ્રગટે એવી ભાવના.

# પર્યુષણ પર્વે આત્મચિંતન

**મધુભાઈ પારેખ**

જૈનમતમાં પર્યુષણ પર્વનો મહિમા ઘણો જ છે. બધી જ આમ્નાય પર્યુષણ પર્વને ઘણુંજ મહત્ત્વનું પર્વ માને છે – મનાવે છે. દર વર્ષે શ્રાવણમાસના છેલ્લા ચાર દિવસ અને ભાદરવાના પ્રથમ ચાર દિવસ મળીને કુલ આઠ દિવસ પર્વ માન્ય છે. દિગંબર આમ્નાય ભાદરવાના શુક્લ પક્ષમાં દશ દિવસના પર્યુષણ પર્વ માન્ય કરે છે. જૈનો આ પરંપરા જાણે છે. પર્વકાળમાં ધર્મધ્યાનની, તપ, સ્વાધ્યાય, સેવા, પૂજા વગેરે પ્રકારે પ્રવૃત્તિ કરે છે. પરંતુ મોટા ભાગે આ પ્રવૃત્તિ કુળધર્મ અનુસાર અને ઓઘે-ઓઘે થતી જોવામાં આવે છે. બહુજ થોડા લોકો પર્વનો મહિમા સમજીને ધર્મ-આરાધના કરતા હોય છે. સમજીને થતી આરાધના જ ખરેખર ઉપકારી થાય છે.

પર્યુષણનો અર્થ પરિ+ઉષ, એટલે કે પરિણામે ઉષ્મા આપે તે. જે ક્રિયાનું પરિણામ આત્માને ઉષ્મા-હૂંફ આપે તે. જીવાત્મા સાંસારિક આધિ-વ્યાધિ-ઉપાધિથી સતત પીડાતો રહ્યાથી થાકીને વારંવાર સુષુપ્ત દશામાં સરી પડે છે ત્યારે સ્વરૂપનું વિસ્મરણ થઈ જાય છે. સ્વરૂપનું ફરીને સ્મરણ થવામાં પર્વો ઉપકારી નિમિત્ત બને છે. **પર્યુષણ પર્વ પણ વિસ્મૃત થયેલા સ્વ-સ્વરૂપનું ફરી સ્મરણ કરાવે છે.** પર્યુષણ સામૂહિક આરાધનાનું પર્વ છે. આરાધનાનું સ્વરૂપ દર્શન, પૂજા, વાચન, શ્રવણ, સ્વાધ્યાય, ત્યાગ, તપ રૂપે અપાયું છે અને તેની ફળશ્રુતિ પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર દેવે બતાવી છે તે મુજબ – "અહો સતપુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ, સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ, અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણવીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી, અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર." પર્યુષણ પર્વમાં સત્પુરુષોનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમનો પ્રબળયોગ મુમુક્ષુ આત્માને પ્રાપ્ત થાય છે અને યથાર્થ પ્રકારે આરાધન કર્યાથી ઉપર બતાવેલી ફલશ્રુતિ પ્રાપ્ત કરી શકાય છે.

ચાર ગતિમાં અનંતકાળથી જીવાત્મા પરિભ્રમણ કરે છે. મહાપુણ્યના યોગથી માનવદેહ મળ્યો છે. તેને સાર્થક કરવા, મોક્ષ પુરુષાર્થ કરવાનો અવસર મળ્યો છે. તે જો ચૂકી જવાશે તો ફરી અવસર પ્રાપ્ત થવામાં ઘણો-ઘણો કાળ ચાલ્યો જશે તે વાત નિરંતર સ્મૃતિમાં રાખવા જેવી છે.

**સાચા મુમુક્ષુને તો પ્રત્યેક દિવસ પર્યુષણનો સમજીને જીવનપર્યન્ત આત્મ-હિત અર્થે પ્રયત્ન કરતા રહેવું જ યોગ્ય છે,** પરંતુ સાંસારિક વિટંબણાઓ વેદતા પુરુષાર્થ મંદ થતો જણાય ત્યારે પર્યુષણ જેવા પર્વનું નિમિત્ત પામીને "જાગ્યા ત્યારથી પ્રભાત"ના ન્યાયે ફરી લાગી પડવાનું છે. તપનું પ્રાધાન્ય પર્વમાં વિશેષ જોવા મળે છે ત્યારે એ વાત પણ લક્ષમાં રાખીએ કે સ્વાધ્યાય એ પણ તપ છે અને આ દુઃષમકાળમાં તો એના જેવું બીજું એકે તપ નથી તેવો જ્ઞાનીઓનો અભિપ્રાય અતિ મહત્ત્વનો છે.

પર્યુષણમાં મુમુક્ષુએ સ્વ-પરનો વિવેક દઢ કરીને પ્રત્યેક સંયોગી જડ-ચેતન પદાર્થો પ્રત્યેથી

*આસક્તિ છોડવાનો અભ્યાસ કરવો જરૂરી છે. માટે જ તપ-ત્યાગના હેતુએ ઉપવાસ આદિનું મહત્ત્વ માન્યું છે, પરંતુ માત્ર આહારત્યાગથી વાત પૂરી થતી નથી, અન્ય પદાર્થો અને સંયોગો, ક્રમથી ત્યાગ કરતા રહેવું પણ આવશ્યક છે.* **ત્યાગ માટે અંતરંગ વૈરાગ્ય વર્ધમાન કરતા રહેવું પડશે. વૈરાગ્ય વિના ત્યાગ રહેશે નહીં.** *વૈરાગ્ય માટે ઉદયાધીન સ્થિતિ-સંયોગ પ્રત્યે રસ-રુચિને વશમાં રાખી ઉપેક્ષાભાવે – સાક્ષીભાવે જે-તે સ્થિતિ-સંયોગમાં સ્થિરતા-સમભાવ રાખવાનો નિત્ય અભ્યાસ રાખવો ઘટે છે. પર વસ્તુઓ પરનો રાગ-દ્વેષ તૂટવાથી જ મુક્તિના માર્ગનું આરાધન થઈ શકશે. સંયોગી પદાર્થો ક્યારેય મુક્તિનું કારણ નહીં જ બને.*

*પર્યુષણ પર્વ દરમ્યાન સામૂહિક સાધના દ્વારા સત્-અસત્ તત્ત્વની અને સ્વ-કલ્યાણના (આત્મહિતના) સાધનોની સૂક્ષ્મ ચિંતવના કરી, અંતર્મુખ સાધના એકાંતે કરવાનો અભ્યાસ શરૂ કરવો અને ક્રમથી વધારતા જવું જરૂરી છે. ઘરમાં અનુકૂળતા હોય તો વહેલી સવારે કે મોડી રાત્રે આવો અભ્યાસ વિના વિક્ષેપે થઈ શકશે, અન્યથા નિવૃત્તિક્ષેત્રમાં જઈ એકાંત શોધીને પોતેપોતાની સાથે વિચાર-વિનિમય કરતાં કરતાં, ચિંતનધારામાં પ્રવેશ મેળવી શકાશે. વિચારનો મુખ્ય વિષય પરમકૃપાળુદેવે બતાવ્યો છે,* **"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ? કોના સંબંધે વળગણાં છે ? રાખું કે પરહરું ?"** *અંતરાત્મા સત્ સ્વરૂપે છે તે અવશ્ય સત્ય માર્ગ બતાવશે. માર્ગ સમજવામાં આવ્યા પછી, સાહસ કરીને નિશંક અને નિર્ભય થઈને માર્ગ આરાધવો એ જ ઉપાય છે.*

*પર્યુષણ પર્વમાં જીવદયાનો મહિમા પણ લક્ષગત કરાયો છે. જીવદયાની કોઈ પણ પ્રવૃત્તિ કર્તાભાવ છોડીને કરવાની છે. દાનધર્મનું પણ પાલન કરવાનું છે.* **જે સાધન-સંપત્તિ પ્રાપ્ત થઈ છે તે સ્વબળથી, બુદ્ધિથી, હોંશિયારીથી કે પરિશ્રમથી પ્રાપ્ત થઈ શકે તે માન્યતા બદલવી પડશે. ખરેખર તો પૂર્વ પ્રારબ્ધના યોગથી-ઉદયથી પ્રાપ્ત થઈ છે તે વાતનો સ્વીકાર થાય તો કર્તાભાવ છૂટશે, સાથે અહંભાવ પણ છૂટશે અને પરિણામે નવા કર્મનો બંધ થતો રોકાશે. પરિભ્રમણ અટકશે.**

*સાધક પોતાની સાધના સમાજથી ગુપ્ત રાખીને કરશે તો તે વધુ ફળદાયી રહેશે. વ્યવહારથી છૂટવા માટે – અલ્પ કરવા માટે સાધના કરવાની છે. જો સાધના ગુપ્ત ન રહે તો વ્યવહાર વધશે, જેમ કે ઉજવણાં, વરઘોડા, ભોજન સમારંભો, બહુમાન વગેરે. વ્યવહાર સાધનાના ફળથી વંચિત કરાવશે. સાધકમાં જાણ્યે-અજાણ્યે અહં-મમત્વ પ્રવેશ પામી હાનિ કરશે.*

*કેટલાક સાધકો મૌનની સાધના પર્યુષણમાં કરે છે તે ઉત્તમ સાધના છે, પરંતુ બોલવાને બદલે ઈશારાથી, લખીને જો વ્યવહાર થતો રહે તો મૌનની સાધના નથી. મૌનમાં માત્ર વાણીનો જ નહીં, પરંતુ વહેવારનો પણ સંયમ કરવાનો છે. સંસારના સર્વ વહેવાર – વ્યાપારથી અલિપ્ત થવા મૌનની સાધના છે.* **માત્ર સાક્ષીભાવમાં સ્થિર થવા માટેનું ઉત્તમ સાધન છે તેવા લક્ષ્યથી મૌનને સેવવા જેવું છે.**

*ક્ષમાપનાનું આ પર્વ છે તો જીવનકાળમાં જે જીવો સાથે જાણતાં-અજાણતાં મનદુઃખનાં પ્રસંગ થયાં હોય તે યાદ કરીને દેવ-ગુરુની અને પોતાના શુદ્ધાત્માની સાક્ષીએ ક્ષમા માગવી અને ક્ષમા આપવી એ ભાવશુદ્ધિ માટે અતિ આવશ્યક છે. આ લખનાર સર્વને ક્ષમા આપે છે, સર્વની ક્ષમા માગે છે. મિચ્છા મિ દુક્કડમ્.*

# પર્યુષણ પર્વ — બારેમાસ

**પૂર્ણિમાબેન શાહ**

*આપણા પૂર્વાચાર્યોએ જીવોના કલ્યાણને અર્થે પર્વોની રચના કરી છે. મુખ્ય પર્વ બાર છે. તે સર્વમાં પર્યુષણ પર્વની ગણના મહાપર્વ તરીકે થાય છે. જે જીવો ધર્મની આરાધના કરી શકે છે, તેઓને માટે દર ત્રીજે દિવસે તિથિની વ્યવસ્થા છે. બીજ પછી પાંચમ, પાંચમ પછી આઠમ, આઠમ પછી અગિયારસ અને ત્યારપછી ચૌદસ, એમ શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષની મળી એક મહિનામાં દસ તિથિ આવે છે. જે જીવો સંજોગોવશાત્ કે કારણવશાત્ આ દિવસોમાં આરાધના કરી શકતા નથી તેઓ માટે દર પંદર દિવસે ચૌદસની આરાધના બતાવી છે. જે જીવો માટે આ પણ શક્ય નથી, તેઓને માટે ચોમાસી ચૌદસની આરાધના કહી છે. જેઓ માટે આ પણ શક્ય નથી તેઓને માટે પર્યુષણપર્વની આરાધના ફરમાવી છે. શ્રાવણ વદ ૧૨ થી શરૂ થતા પર્યુષણપર્વને શ્રી તીર્થંકરદેવે આરાધનાના શ્રેષ્ઠ દિવસો ગણ્યા છે, તેથી તે મહાપર્વની ઉપમાને પામ્યા છે. આ દિવસોમાં વ્યાખ્યાન, તપશ્ચર્યા, અમારિ પ્રવર્તન, ક્ષમાપના, સંવત્સરી પ્રતિક્રમણ વગેરેનો સમાવેશ થાય છે. જે જીવો તપશ્ચર્યા કે બીજી ક્રિયાઓ ન કરી શકતા હોય તેઓને માટે નવકારશી, એક-એક કલાકના પચ્ચક્ખાણ, પરમાત્માની ભક્તિ, દરરોજ ધારવાના ચૌદ નિયમ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે ઉપાયો પણ બતાવ્યા છે.*

*પર્યુષણનો અર્થ થાય છે - બધી બાજુઓથી આત્મામાં રહેવું. કદાચ કોઈને એવો વિકલ્પ થાય કે કામની વ્યસ્તતા અને ઉપાધિઓથી ઘેરાયેલા જીવને એવું કોઈ શરણ છે, જે દરરોજ અમુક સમય માટે આત્મકલ્યાણનો માર્ગ બતાવી શકે ? આત્મકલ્યાણના માર્ગે વાળી શકે ? એવું કોઈ અવલંબન છે કે જે બારેમાસ પર્યુષણપર્વનો ભાસ કરાવી શકે ?*

*જો એમ કહીએ કે, એવું અનન્ય શરણ કૃપાળુદેવનું છે અને એવું અપૂર્વ અવલંબન* **'શ્રી વચનામૃતજી'** *નું છે તો તેમાં અતિશયોક્તિ નથી.* **અધ્યાત્મવિદ્યાવિશારદ, પરમાર્થનો પરમપંથ બતાવનાર, પાંચમા આરામાં ચોથા આરાની અનુભૂતિ કરાવનાર, ઉપાધિયોગને વેદતા છતાં, અલ્પઆયુષ્યની અમૂલ્ય પળોનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરીને જીવોને આત્મકલ્યાણના માર્ગે દોરનાર, નિષ્કારણકરુણાશીલ પરમ ઉપકારી, પરમગુરુ, પરમપિતા પરમકૃપાળુદેવ આપણા માટે અનન્ય શરણરૂપ છે.**

*પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, અંતિમ તીર્થંકરશ્રી મહાવીરસ્વામીના અંતિમ શિષ્ય હતા. તેઓશ્રીએ સ્વમુખે જણાવ્યું છે, "આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે." આમ, વીરસ્વામીનો બોધ તેના શુદ્ધ સ્વરૂપમાં તેમજ સંક્ષેપમાં આપણને એમની પાસેથી મળ્યો છે જે* **'શ્રી વચનામૃત'** *ગ્રંથમાં સંગ્રહિત છે. અત્યારે જ્યારે* **પરમકૃપાળુદેવ સદેહે આપણી પાસે નથી, ત્યારે અક્ષરદેહ રૂપે તો બિરાજમાન છે જ. વચનામૃતના શબ્દે શબ્દે કૃપાળુદેવ જીવંત જ છે.**

*આ ગ્રંથમાં મુમુક્ષુઓએ પૂછાવેલા પ્રશ્નો-*

તેમની શંકા અને સમસ્યાઓનું સમાધાન, માર્ગ અને માર્ગપ્રાપ્તિના રહસ્યો, આત્મહિત, દોષનિવૃત્તિના ઉપાયો, યથાર્થ બોધ, પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવનો ઉપકાર વગેરેની વિસ્તૃત છણાવટ છે તો બીજી બાજુ, 'જિનેશ્વરની વાણી, અમૂલ્ય તત્ત્વવિચાર, અપૂર્વ અવસર અને અંતિમ સંદેશ' એ કાવ્યચતુષ્ટય રૂપી સ્વસ્તિક, તેની ઉપર જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નત્રયીની સમજ આપતું 'મૂળમારગ' કાવ્ય, અને તેની ઉપર શિરમોર સમી સિદ્ધશિલા રૂપી 'શ્રી આત્મસિદ્ધિ' — જાણે બાજોઠ ઉપર આલેખાયેલા સાથિયાની ઝાંખી કરાવે છે અને "જ્ઞાન-દર્શન-ચારિત્રના આરાધનથી સાર, સિદ્ધશિલાની ઉપરે હો મુજ વાસ શ્રીકાર" એવો ભાવ આપણને ઉદ્‌ભવે છે.

પરમતારક શ્રી તીર્થંકર પરમાત્મા આપણા અનંત ઉપકારી છે તેથી તેઓ પૂજનીય છે, પરમકૃપાળુદેવ આપણા પરમ ઉપકારી છે તેથી આપણા માટે સદા વંદનીય છે. જે જે જીવોએ કૃપાળુદેવ પર પ્રશ્નો લખ્યા હતા તેઓના આપણે ઋણી છીએ. જેમણે કૃપાળુદેવના દેહવિલય પછી તે પત્રો સંગ્રહિત કરીને 'વચનામૃતજી'ની આપણને ભેટ આપી છે તેઓના આપણે અત્યંત ઋણી છીએ.

વીતરાગતાથી વિભૂષિત, વીતરાગના સાચા અનુયાયીથી આલેખિત, વીતરાગના પરમ શાંત રસમય ધર્મની યશોગાથા ગાતો અને વીતરાગની પ્રશસ્તિઓથી શોભતો (છલકાતો) આ એક અપૂર્વ અને અનુપમ ગ્રંથ છે. કૃપાળુદેવનું શરણ અને શ્રી વચનામૃતજીનું અવલંબન જીવોને — મુમુક્ષુઓને આત્મહિતને માર્ગે વાળીને — શ્રી પર્યુષણ મહાપર્વનો મુખ્ય હેતુ જે આત્મકલ્યાણનો છે તેનો ભાસ કરાવે છે.

નૈગમનયથી કહીએ તો —

રતનતણી જેમ પેટી, ભાર અલ્પ બહુમૂલ્ય,<br>
વચનામૃતજી તેને તુલ્ય છે, જેનું મૂલ્ય છે અમૂલ્ય.<br>
રાગ-દ્વેષ અને અજ્ઞાનથી રહિત જે રચાયું છે,<br>
આગમનો તે સાર છે, મુમુક્ષુઓને મન ભાવ્યું છે.<br>
સંસારસાગર તરવાને, જે નૌકા સમાન આધાર છે,<br>
પરમગુરુની પાવનવાણીનો, એ દિવ્ય ટંકાર છે.<br>
મોક્ષમાર્ગનો ભોમિયો ને ભવપાર કરાવનાર છે,<br>
પરમગુરુની પરમપ્રસાદી, પંચમપદ દાતાર છે.<br>
પર્યુષણપર્વ તો વર્ષમાં એક જ વાર આવે છે,<br>
'વચનામૃતજી' બારેમાસ પર્યુષણનો અહેસાસ કરાવે છે.

અંતમાં,

"બાળક બાંય પસારીને, કહે ઉદધિ વિસ્તાર,<br>
અલ્પમતિથી થઈ જે ક્ષતિ, તે ક્ષમ્ય કરશો કિરતાર."

---

**તપ, ત્યાગ અને આલોચનાનું પર્વ**

(પાના નં. ૨૮ પરથી ચાલુ...)

**દિવસ સિદ્ધિનો - પ્રાપ્તિનો છે.** સંવત્સરી પ્રતિક્રમણ એ આ પર્વની ચરમસીમા સમાન છે. દરેક જૈન ભાઈ-બહેનો વર્ષ દરમ્યાન કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા પ્રતિક્રમણ અવશ્ય કરે છે. સાચા દિલથી સર્વ જીવને ખમાવે છે. પોતાના દોષો અને ભૂલોથી જાણ્યે-અજાણ્યે કોઈના દિલ દુભાયા હોય તેની ક્ષમાપના માગે છે. સર્વે પ્રત્યે મૈત્રીભાવની ભાવના ભાવે છે. ઈર્ષ્યાની સામે વહાલની વર્ષા વરસાવે, વૈમનસ્ય સામે શમનસ્ય, શત્રુતા સામે મિત્રતા અને દુશ્મનાવટ સામે દિલની દિવ્યતા લાવી હૃદયની વિશાળતા અને ઉદારતા આ પવિત્ર દિવસોમાં દરેક જૈની વહાવે છે.

પરમકૃપાળુ પરમાત્મા આપણને સૌને સન્માર્ગની પ્રાપ્તિ ત્વરાથી કરાવે એ જ મંગલકારી મહાન પર્યુષણના પવિત્ર દિવસોમાં અભ્યર્થના.

# પર્યુષણ પર્વનો પ્રાણ : ક્ષમાપના

*પર્યુષણ પર્વ મહાન આધ્યાત્મિક પર્વ છે. ચાતુર્માસના દિવસોમાં આવતું આ પર્વ એ બધા પર્વોના રાજા તરીકે – પર્વાધિરાજ તરીકે ગણાય છે. ક્ષમા એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. પર્વની સવિશેષતા ક્ષમાપનાની આરાધનામાં રહેલી છે.*

**ક્ષમા અંતર્શત્રુ જીતવામાં ખડગ છે.**
**પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે.**
**ક્ષમા એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.**
**ક્ષમા એ આપણો મુખ્ય આદર્શ છે.**

*જૈન દર્શનમાં આચાર્ય ભગવંતોએ મહાન સૂત્રની પરૂષણા કરી છે.*

*“ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે,*
*મિત્તિમે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝં ન કેણઈ”*

*હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મને ખમો - ક્ષમા આપો. સર્વ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે, મારે કોઈની સાથે વેરબુદ્ધિ નથી.*

**ક્ષમાનું રહસ્ય :** *ક્ષમાનું રહસ્ય સમજનાર સાચો શ્રાવક કોઈ જીવને મન-વચન-કાયાથી દુભાવતો નથી, અને પોતે કોઈના પ્રતિકૂળ વર્તનથી દુભાતો નથી. તેવી સાચી ક્ષમા સ્વ-પર શ્રેયરૂપ છે. આખા વર્ષમાં પૂર્વે કે આ જન્મમાં કોઈ પણ જીવને આપણે દુઃખ પહોંચાડ્યું હોય, આક્રોશ, અબોલા થયા હોય તો તેની પ્રત્યક્ષ માફી માગીને જીવનનો ભાર હળવો કરવો. આપણે સમજણથી, પ્રેમથી, સમતાથી જીવવું જોઈએ. છતાં જીવનમાં ભૂલ થાય ત્યારે ક્ષમા એ જ ઉપાય છે કે જે વેરભાવને દૂર કરે છે. ક્ષમાપનાનું આ વ્યવહારિક સ્વરૂપ છે. તેમ કર્યા વગર પારમાર્થિક સ્વરૂપમાં પ્રવેશ મળતો નથી.*

**ક્ષમાપનાનું પારમાર્થિક સ્વરૂપ :** *ક્ષમાપનામાં સત્સંગ, ભક્તિ, સ્વાધ્યાય, દોષ-નિરીક્ષણ, કબૂલાત, પ્રાયશ્ચિત્ત અર્થાત્ પ્રતિક્રમણનો સારાંશ સમાઈ જાય છે. આ ક્ષમાપનામાં નવ તત્ત્વ અને ગુણસ્થાનકનું પણ મહત્ત્વપૂર્ણ રહસ્ય છે.*

**ક્ષમાપનામાં નવ તત્ત્વનું સ્વરૂપ :** *ક્ષમાપના દ્વારા મિથ્યાત્વથી છૂટી પ્રભુના તત્ત્વોમાં શ્રદ્ધા કરી જીવ સમકિત પામે છે. પશ્ચાત્તાપયુક્ત વ્રતધારી બને છે, અને પૂર્ણતાની પાત્રતા ગ્રહણ કરે છે. આ ક્ષમાપનામાં આપણે નવતત્ત્વનું હાર્દ જોયું. જે તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શનને પ્રગટ કરે છે. ‘તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.’ - એનાથી એ વાત સમજાય છે. અનાદિનું મિથ્યાત્વ ટળી સમકિત પ્રાપ્ત થવું તે પરમાર્થ ચમત્કાર છે.*

*ક્ષમાપનાને ગુણસ્થાનકના સ્વરૂપે જોઈએ.*

*‘હું બહુ ભૂલી ગયો’ આવું આત્માનું વિસ્મરણ અને પરપદાર્થની આકાંક્ષા એ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વને કારણે ઊપજેલી વિપર્યાસ બુદ્ધિએ જીવને વીતરાગના વચનનું અશ્રદ્ધાન કર્યું અને તેમના કહેલા શીલ આદિ વ્રતનું સેવન ન કરવાથી અવિરતિપણે રહ્યો. ક્ષમાદિ ધર્મને ન પાળતાં કષાયોનું સેવન કર્યું. મન, વચન, કાયાના ત્રણે યોગથી શુભાશુભ પ્રવૃત્તિથી આ સંસારમાં ઘણું રખડ્યો. મદોન્મત્ત બની પ્રમાદાચરણ સેવ્યું. વિવેકહીન રહ્યો. આમ, મિથ્યાત્વના સંગતથી પાંચે આસ્રવોનું સેવન કરી દીર્ઘકાળ સુધી અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાઈ ગયો. ઘણી વિટંબણા પામ્યો. દર્શન-મોહરૂપ દૃષ્ટિના વિકારથી હું વિવેક ભૂલ્યો,*

અને હે પરમાત્મા તમારા માર્ગને જાણ્યો નહિ.

હું ધન-પરિવારવાળો, કીર્તિવાળો - એમ અનેક પ્રકારના બાહ્ય સ્વામિત્વરૂપ અજ્ઞાનમાં આથડયો, આ સંસારના ભવચક્રમાં ચારે ગતિમાં ચોરાશી લાખ યોનિમાં રઝળ્યો. ક્રોધાદિ શત્રુ, મિથ્યામતિ અને અહંકારને કારણે હું મારું હિત સમજ્યો નહિ. યોગાનુયોગ મોહનીયકર્મનું જોર કંઈ ઓછું થતાં, અથડાતાં, કૂટાતાં તમારા માર્ગમાં આવતા મને કાંઈક સાધન મળ્યું.

કર્મોનો ક્ષયોપશમ થતાં મારી અંતરશુદ્ધિનો કંઈક અંશ પ્રગટ્યો. મને ભાન થયું કે સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ અને સ્વભાવરૂપ ધર્મ એ સાચા સાધનો છે. વળી, મને જન્મમરણથી છૂટવાની અભિલાષા જન્મી. પછી સૂક્ષ્મબોધને ગ્રહણ કરવાથી મને મારા સ્વરૂપનું દર્શન થયું. મિથ્યાત્વ દૂર થતાં, અનંતકાળની ભૂલ દૂર થતાં આપની કૃપાથી સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન જીવને પ્રાપ્ત થયું. આગળના કરેલા પાપોના પશ્ચાત્તાપથી જીવ પાંચમા ગુણસ્થાને પહોંચ્યો કે જ્યાં તેને પોતાના સ્વરૂપનું દર્શન વિશેષપણે થતું રહ્યું અને સંસારભાવ છૂટી જતાં સ્વરૂપના પ્રકાશરૂપ નિર્વિકલ્પ દશાનો પ્રકાશ થયો. ત્યારપછી જીવની પરમાત્મદશાનું વર્ણન કરતા નીરાગી, નિર્વિકારી વગેરે અનંત ચતુષ્કરૂપ ગુણો દ્વારા શ્રેણીના ભાવ દર્શિત થાય છે. એ જ ભાવમાં અહોરાત્ર રહેવું અથવા ક્ષાયિકભાવની તેમાં સહજ આકાંક્ષા છે, જે જીવને ચૌદમા ગુણસ્થાનક સ્થિતિએ લઈ જાય છે. પ્રતિક્રમણમાં મુખ્યત્વે પાપોથી પાછા વળવાની પ્રક્રિયા છે, અને તે છ આવશ્યકનું અનુષ્ઠાન છે તેવા ભાવો સમજાય છે.આ રીતે ક્ષમાપનામાં ઘણા ગૂઢ રહસ્યો મૂક્યા છે. જેમ જેમ તેને આદરથી વિચારતા જઈએ તેમ તેમ તેના રહસ્યો ખૂલતા જાય છે.

ક્ષમાપના એ છ આવશ્યક ક્રિયાઓનો સમાવેશ કરી લે છે — સામાયિક, પ્રતિક્રમણ, વંદના, સ્તુતિ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.

**અનુષ્ઠાન :** ક્ષમાપના એ જીવનનું અનુષ્ઠાન છે. કોઈ નિયમભંગ થાય, જાણે અજાણે અસત્ય, ક્રોધ જેવા દોષો થાય, આહારાદિમાં દોષ થાય, કોઈનો અનાદર - અવિવેક થાય, મનમાં કોઈ વિકારાદિનો ઉછાળો આવે, અર્થાત્ જ્યાં જ્યાં દોષદર્શન કે પ્રતિજ્ઞાભંગ થાય ત્યાં ત્યાં દોષ પ્રમાણે ભાવપૂર્વક ક્ષમાપના કરવી. ક્ષમાપનામાં ભક્તિ, જ્ઞાન અને ક્રિયા ત્રણ યોગના ભાવ થઈ શકે તેમ છે.

**ભક્તિયોગ :** ભક્તિનું મૂળ સ્વરૂપ અર્પણતા છે. તે ભાવ ગ્રહણ કરી કહે છે, 'હે પરમાત્મા ! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.' વળી તમે નીરાગી છો. સચ્ચિદાનંદ સ્વરૂપ છો. તેમ સ્તુતિ દ્વારા ભક્તિ જણાવી છે.

**જ્ઞાનયોગ :** 'હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું' મારા સ્વરૂપનો પ્રકાશ થાય છે. એનો ભાવાર્થ મને 'આત્મજ્ઞાન' થાય છે. મારું જ્ઞાન પ્રગટ થાય છે.

**ક્રિયાયોગ :** 'તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.' વળી, સર્વ પાપથી મુક્ત થવાની ભાવના વગેરે અંતરંગ ક્રિયારૂપ છે.

આવી રીતે જ્ઞાનીના બોધની, શૈલીની અનુપમ વિશિષ્ટતા છે કે જિજ્ઞાસુઓ પાત્રતા પ્રમાણે તેમાંથી ઘણા ભાવને પકડી શકે અને જીવ જન્મ-મરણથી મુક્ત થવાનો ઉપાય યોજી શકે.

આ રીતે ક્ષમાપનામાં ભવોભવની ક્ષમાપના આવી જાય છે. શ્રદ્ધા અને સમજણપૂર્વક ભાવસહિત એનો નિયમિત પ્રયોગ દુઃખમુક્તિ કરાવી શકે છે.

# તપ, ત્યાગ અને આલોચનાનું મહાપર્વ

**વિભાબેન એસ. મહેતા**

*પર્યુષણ પર્વ એટલે આધ્યાત્મિકતાની પૂર્વ ક્ષિતિજે ખીલેલું પ્રકાશમય પર્વ. એ પ્રકાશમય પર્વનો પરમ પ્રકાશ એટલે ક્ષમાનું ભવ્ય સર્જન. સાધના, આરાધના, તપશ્ચર્યા કરવાના સોનેરી દિવસો. આપણે આપણા અંતરના પ્રાંગણે તેમના ભવ્ય સ્વાગત માટે ક્ષમાના આસોપાલવ બાંધીએ, હૈયાના ઉર ઉંબરીએ આરાધનાની વિવિધ રંગોળી પૂરીએ અને અંતરકોડિયામાં તપ-ત્યાગની દિવેટ મૂકીએ, જેથી અહિંસાના ઘૃતમાં ઝળહળતી જ્યોતિ આતમઓરડામાં પ્રકાશ ફેલાવે. પર્યુષણ પર્વની સુંદરતમ સાધના, આરાધનાના ઉલ્લાસ કે તરવરાટ વિના કદી શોભાને પામતી નથી. જૈનોના સર્વ પર્વોમાં શિરોમણી કોઈ પર્વ હોય તો તે પર્વાધિરાજ પર્યુષણ પર્વ છે. આ સનાતન દિવસો પરમસુખ અને આનંદના છે.* **આત્માએ ભૂતકાળમાં ન કરવાના કાર્યો કર્યા હોય, તેને છોડવાના તેમજ તેમાંથી નિષ્કલંક અને નિષ્પાપ થઈ જવા માટેના આ દિવસો છે.** *આ દિવસો જેવી સોનેરી તક ભાગ્યે જ સાંપડવાની છે. માટે સર્વ અભિમાનને મનમાંથી કાઢી નાખી કરેલા પાપોનો પશ્ચાત્તાપ કરવાનો છે.*

*આપણો આત્મા અનંતકાળથી કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષ, મોહ, મદ, માયા, ઈર્ષ્યા, હિંસા, જૂઠ, ચોરી, ઈન્દ્રિયવિષય, પરિગ્રહની સંજ્ઞા આદિ મલિન વૃત્તિથી ખરડાયેલો છે. આ પ્રકારની મલિનવૃત્તિઓને દૂર કરવા માટે આરાધના અને ઉપાસનાના પ્રકારો પણ આપણા જિનશાસને યોજ્યા છે. મોક્ષસાધનામાં દાન, શીયળ, તપ અને ભાવને ઘણું મહત્ત્વ આપ્યું છે. પર્યુષણના મંગલ પર્વ દરમ્યાન સર્વે મુમુક્ષુઓ પોતાની શક્તિ પ્રમાણે આરાધના-ઉપાસનામાં જોડાઈ જાય છે. ઉપવાસ આદિ અનશન તપ, ભૂખ કરતાં ઓછું ખાવું (ઊણોદરી તપ), ઓછા દ્રવ્ય વાપરવા રૂપ વૃત્તિસંક્ષેપ તપ, વિગઈ-ત્યાગ, આયંબિલ તપમાં રસેન્દ્રિયનો સ્વાદ જીતવાનું તપ, રાત્રિભોજનનો ત્યાગ, બ્રહ્મચર્યપાલન, દેવદર્શન, પૂજા આદિ અનેક પ્રકારના વિધિ-વિધાનો થાય છે; જેના પરિણામે મૈત્રી, ક્ષમા આદિ ગુણો આવે છે. આત્મામાંથી મલિન વૃત્તિઓ દૂર થાય છે અને પૂર્વે કરેલા કર્મોની નિર્જરા થવાનો સુંદર અવસર મળે છે.*

*આપણા જૈનશાસનમાં તપનું એક અનોખું સ્થાન છે. જૈન શાસન જેટલી તપની મહત્તા બીજે ક્યાંય જોવા મળતી નથી.* **કોઈપણ જાતના સુખની આકાંક્ષા રહિત કરાતું તપ આત્મકલ્યાણની અનેરી આભા પ્રસરાવી શકે છે.** *જૈનશાસન તપશ્ચર્યાના સ્તંભ પર આધારિત છે. વિશ્વના અણમોલ અલંકારરૂપ જૈન શાસનનું તપ અજોડ અને અદ્‌ભુત છે. ચારેય પ્રકારના આહારનો ત્યાગ અને મર્યાદિત નિયમવાળું તપ જિનધર્મ સિવાય બીજે ક્યાંય નથી. આ તપધર્મનું સૌંદર્યદર્શન ભલભલા પાપાત્માઓના પાપસમૂહને દૂર કરી, આત્માના સહજ અને ચિદાનંદ સ્વરૂપને પ્રગટ કરે છે. પરમ દુશ્મનરૂપ વિભાવ-પૌદ્‌ગલિક રમણતા અને દુર્ભાવ સંકલેશ રાગદ્વેષને દૂર કરી પરલોકમાં અદ્‌ભુત સુખસામગ્રીનો મેળાપ કરાવી વિરાગભાવને વહેતો કરે છે. ભગવાને તપ અને ત્યાગની મહાન પ્રધાનતા બતાવી છે. તપને અનિવાર્ય સ્થાન આપવામાં આવ્યું છે.*

*જ્ઞાની ભગવંતોએ જિહ્વા ઈન્દ્રિય પર કાબૂ મેળવવા માટે તપ કહ્યું છે. આહાર સંજ્ઞામાંથી ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા ઉત્પન્ન થાય છે.* **બધી સંજ્ઞાનું મૂળ આહાર સંજ્ઞા છે.** *ચાર ગતિમાં*

મુખ્યતયા મનુષ્યભવમાં તપ કરી શકાય છે. તપના મુખ્ય બે ભેદ છે : એક અભ્યંતર અને બીજું બાહ્યતપ. **બાહ્યતપથી પાંચ ઈન્દ્રિયો પર કાબૂ મેળવી શકાય છે. અભ્યંતર તપથી આંતરિક શત્રુઓ જેવા કે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો પાતળા પડે છે.** તપથી પૂર્વે કરેલાં કર્મનો ક્ષય થાય, ક્ષય થવાથી હળુકર્મી થઈ છેવટે જીવ કેવળજ્ઞાની બને છે. ભગવાન મહાવીર સ્વામીએ કર્મની નિર્જરા માટે સાડાબાર વર્ષ અને પંદર દિવસ સુધી સતત કઠોર તપ કર્યું ત્યારે કર્મોનો ક્ષય થયો અને કેવળજ્ઞાન પામ્યા. **આત્માના અસંખ્યાત પ્રદેશો પર લાગેલા કર્મોના ડાઘ તપથી ભૂંસાઈ જાય છે.** તપ દ્વારા જૂના ચીકણાં કર્મોની નિર્જરા થાય છે. તપ કરવાથી કષ્ટ સહન કરવાનો અભ્યાસ થાય છે, જેના પરિણામે દુઃખમાં પણ સમાધિ રહે છે. તપથી દુષ્કૃતનો નાશ થાય છે. સુકૃતની હારમાળા ઊભી થાય છે. **ખાનપાન પ્રત્યેની આસક્તિ અને દેહના મમત્વને દૂર કરવા માટેનું સર્વશ્રેષ્ઠ સાધન તપ છે.** તપરૂપી ધર્મ હૃદયથી આત્મલક્ષે થાય તો આત્મા પરમાત્મા બની જાય છે. આત્મકલ્યાણ માટે તપ અનિવાર્ય છે. જેવી રીતે માટીથી લેપાયેલું સોનું અગ્નિમાં તપીને શુદ્ધ બને છે તેવી રીતે તપરૂપી અગ્નિમાં તપીને આત્મા શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે. તપ એ જીવનના ઉત્થાનમાં સર્વોપરી માર્ગ છે. તપ કરવાથી આત્મા સર્વોચ્ચ પદ-તીર્થંકર નામકર્મ બાંધી શકે છે. ગાઢ કર્મોના બંધનને તોડવા માટે તપની અતિ આવશ્યકતા છે. આ સંસારની સળગતી જ્વાળાઓને શાંત કરવાને માટે તપ રૂપ પાણીનું સિંચન કરીએ. અનાદિકાળની આહારસંજ્ઞાનો ત્યાગ કરી અનાહારક દશા પ્રાપ્ત કરવા માટે તથા વિષયના બંધન ભેદી મુક્તિની મંજિલે પહોંચવા માટે તપધર્મનો સહારો સ્વીકારી, તપના પ્રભાવે કર્મરાશિને ભસ્મીભૂત કરીએ.

પર્યુષણ પર્વની આરાધનાનો છેલ્લો સંવત્સરીનો દિવસ એટલે આલોચનાનો દિવસ. પોતાની જાતને ચારે બાજુથી તપાસવાનો, આત્મનિરીક્ષણ કરવાનો, યથાર્થ સ્વરૂપમાં પોતાની જાતને ઓળખી લેવાનો દિવસ. આ દિવસ ઘણો પવિત્ર છે. જેમ અરીસામાં જોવાથી આપણા શરીર ઉપર લાગેલા મેલ કે ડાઘ આપણને દેખાઈ આવે છે તેમ આંતરિક દોષોને બતાવનાર અને તેને હટાવનાર આલોચના અરીસાની ગરજ સારે છે. અનંત સંસારને વધારનારા માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શન શલ્ય - આ ત્રણ શલ્ય જે આત્માને કાંટાની માફક ખૂંચનારા, આત્મિક ગુણોને અવરોધ કરનારા તેમજ તેની ઘાત કરનારા છે. તેની આલોચના કરવાથી આ શલ્ય મોળા પડે છે. હળવા થાય છે. ઋજુભાવ ઉપલબ્ધ થાય છે તથા સરળતાને સંપ્રાપ્ત જીવ માયારહિત બને છે. આજના દિવસે જીવ પોતાના ભૂતકાળના દરેક પાપોનું જાગૃતિપૂર્વક સ્મરણ કરી પાપોની નિંદાપૂર્વક 'તસ્સ મિચ્છા મિ દુક્કડં' આપે છે. **પોતાની નિંદા એટલે પોતે જ પોતાના દોષોનો તિરસ્કાર કરવો.** સ્વનિંદાથી પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપથી જન્મનારા વૈરાગ્યથી કરણ ગુણશ્રેણી એટલે કર્મોને સત્વર ખપાવવાની આત્માની વિશેષ શક્તિ સંપ્રાપ્ત થાય છે. કરણ ગુણશ્રેણીના બળે મોહનીય કર્મનો નાશ થાય છે. પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ અને ચૌદ સંમૂર્છિમ વગેરેના જે જે પાપો આ ભવમાં અને અનંતા ભૂતકાળના અનંતા ભવમાં લાગ્યા હોય તો તે બધા પાપો નિષ્ફળ જાય તે માટે પશ્ચાત્તાપપૂર્વકની આલોચના સર્વ મુમુક્ષુઓ ભાવે છે.

મંગલકારી પર્યુષણ પર્વની આરાધના જન્મ-મરણની પરંપરા તોડવા માટેની છે. **પર્યુષણના પ્રારંભના સાત દિવસ સાધનાના છે અને આઠમો**

**(અનુસંધાન પાના નં. ૨૪ પર...)**

# ક્રોધની આગ, કરે ઘરની રાખ

મિતેશભાઈ એ. શાહ

**क्रोधो नाश्यते धैर्यं, क्रोधो नाश्यते श्रुतम् ।**
**क्रोधो नाश्यते सर्वं, नास्ति क्रोध समो रिपुः ॥**

*અર્થાત્ ક્રોધથી ધૈર્ય અને શ્રુતનો નાશ થાય છે, ક્રોધથી સર્વનાશ થાય છે, ક્રોધ સમાન કોઈ શત્રુ નથી.*

**'क्रोधोन्मूलं अनर्थाः ।'** *અર્થાત્ ક્રોધ એ અનર્થોનું મૂળ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કામ, ક્રોધ તથા લોભને નરકના દ્વાર કહ્યાં છે. ક્રોધ એ કષ્ટોનો સાગર છે અને ભયંકર જવાળામુખી છે કે જે માનવીનું બધું સત્ત્વ બાળી નાખે છે. ક્રોધરૂપી નશો સર્વ પ્રકારે અનર્થ કરે છે. જૈન ધર્મમાં ક્રોધને કષાય અંતર્ગત ગણ્યો છે. ક્રોધને કારણે માનવી વર્ષોથી જાળવી રાખેલા સંબંધોને ક્ષણવારમાં નષ્ટ કરી દે છે તો વર્ષોથી જાળવેલી પ્રતિષ્ઠા પર પાણી ફેરવી દે છે, પરિવારની શાંતિને હણી નાખે છે, આરોગ્યનો નાશ કરી અનેક રોગોનો ભોગ બને છે અને પોતાના શત્રુગણને વધારી દે છે. વાલ્મિકી રામાયણમાં કહ્યું છે કે ક્રોધ એ પ્રાણઘાતક શત્રુ છે, તે ઉપરથી મિત્ર જેવો પણ અંદરથી ભયંકર વૈરી છે. ક્રોધ એ મહાતીક્ષ્ણ તલવાર છે કે જે બધું સત્ત્વ હણી લે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ક્રોધથી માનવીનું કેવી રીતે પતન થાય છે તે દર્શાવતા કહ્યું છે,*

**क्रोधाद्भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

*માનવી પર ક્રોધ સવાર થાય ત્યારે તે સાર-અસારનો વિવેક ભૂલી જાય છે અને અયોગ્ય વર્તન કરવા લાગે છે. તેની ભ્રમરો ચઢી જાય છે, હાથ-પગ ધ્રુજવા લાગે છે ને અપશબ્દો બોલવા લાગે છે. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે જ્યારે ક્રોધ કરીએ ત્યારે શરીરમાં એવા હોર્મોન્સ ઉત્પન્ન થાય છે કે જેનાથી શરીરમાં અનેક રોગો ઉદ્‌ભવે છે કે જે લગભગ છ માસ સુધી રહે છે. ક્રોધ કરવાથી અલ્સર, હાઈપર ટેન્શન, હાર્ટએટક જેવા રોગોની શક્યતા વધી જાય છે. ઉપરાંત આત્મા પાપકર્મોથી બંધાય છે. ક્રોધની ઉત્પત્તિના ત્રણ કારણો છે. (૧)* **બાહ્ય નિમિત્ત કારણ :** *દા.ત. કોઈ આપણને અપશબ્દો બોલે. (૨)* **અંતરંગ નિમિત્ત કારણ :** *ચારિત્ર મોહનીય કર્મનો ઉદય. (૩)* **ઉપાદાન કારણ :** *ક્ષમાસ્વરૂપ આત્માનું વિસ્મરણ. ક્રોધથી બચવા માટે ક્રોધની ઉત્પત્તિ થાય તેવા નિમિત્તોથી દૂર રહેવું. ક્રોધ આવવાની તૈયારી હોય ત્યારે ભગવાનનું નામ બોલવા લાગવું અથવા ઠંડા પાણીનો ગ્લાસ મંગાવીને પી લેવું. નહિતર મનમાં ૧ થી ૧૦૦ ની ગણતરી કરવી કે જેથી ક્રોધની માત્રા ઘટી જાય. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે કે ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. ક્ષમા એ અંતર્શત્રુ જીતવામાં ખડગ સમાન છે. પૂજ્ય સંતશ્રી આત્માનંદજી આપણને ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ક્રોધ ન કરતાં ક્ષમાભાવ રાખવાની સોનેરી સલાહ આપે છે. વેર પણ ક્રોધનું જ સ્વરૂપ છે. શ્રી સમયસાર ગ્રંથમાં શ્રી કુંદકુંદાચાર્યજી જણાવે છે,*

**"જીવ વર્તતા ક્રોધાદિમાં, સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે, બંધન કહે છે જીવને."**

*થોડા શબ્દ ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ*

લગ્ન થાય છે તો થોડા અપશબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે. ક્રોધ એ કાતિલ ઝેર છે તો ક્ષમા એ પરમ અમૃત છે. ક્રોધ એ દુર્ગતિનું દ્વાર છે તો ક્ષમા એ સદ્‌ગતિનું દ્વાર છે.

"ભારે કર્મી જીવ તો, પીએ વેરનું ઝેર,
ભવઅટવિમાં તે ભમે, પામે નહિ શિવલહેર."
સામો થાય આગ તો તું થજે પાણી,
આ છે વીરપ્રભુની વાણી.
"ક્રોધ જીતે તે જગ જીતે, વાણી વર્તન થાય પ્રીતે,
સદા રહે પ્રસન્ન ચિત્તે, જ્ઞાની કહે આત્મહિતે."

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી 'શ્રી આત્મસિદ્ધિ' માં કહે છે,

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ?"

વેર એ ક્રોધનું સ્વરૂપ છે.

શ્રીમદ્ રાજચંદ્રજી જણાવે છે,

"ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે તેમ નવું વૈર વધારીશ નહી."

ભગવાન મહાવીર, પ્રભુ પાર્શ્વનાથ, શ્રી રામ, પાંડવો, સીતામાતા, ગજસુકુમાર મુનિ, સુકોશલ મુનિ, ખંધક મુનિના શિષ્યો વગેરે મહાપુરુષોએ ક્રોધ ઉપજાવે તેવા પ્રસંગોમાં પણ સમતાભાવ રાખીને આત્મશ્રેય સાધી લીધું. પિત્ત વધારે તેવાં કાંદા, લસણ, મરચાં વગેરે લેવાથી તેમજ ઘી-તેલનો સદંતર ત્યાગ કરવાથી પણ ક્રોધ વધે છે. કહેવાય છે કે બહેડાનાં વૃક્ષ નીચે બેસવાથી પણ ક્રોધ આવે છે.

ક્રોધને જીતવાનો ઉપાય ક્ષમાભાવ છે. ક્ષમા એ આત્માનો ઉજાસ છે, દિલની દોલત છે અને પ્રગતિની પગદંડી છે. ક્ષમા એ વીરોનું ભૂષણ, ટાળે આત્માનું દૂષણ. અપરાધીને પણ પ્રેમથી સાધી લે તેનું નામ ક્ષમા, કોઈના દોષ અંતરમાં ન કરે જમા તેનું નામ ક્ષમા, દુશ્મનને પણ દોસ્ત બનાવી દે તેનું નામ ક્ષમા, દિલની ઉદારતા તેનું નામ ક્ષમા. ક્ષમાનો મહિમા બતાવતા પ્રસંગો જોઈએ.

**[૧]** પંડિત ગોપાલદાસજી બરૈયા ક્ષમાવાન હતા તો તેઓના પત્ની અત્યંત ક્રોધી હતા. તેમના પત્ની નાની-નાની વાતોમાં ઝઘડા કરે તો પણ પંડિતજી ક્યારેય ગુસ્સો કરતા નહિ. એક વાર પંડિતજી પ્રવચન કરવા ગયા હતા. પાછા ફરતાં રાત્રે તેઓને મોડું થયું. પંડિતજી જેવા ઘરે પહોંચ્યા કે તેમના પત્નીએ ડોલ ભરીને ઠંડુ પાણી પંડિતજીના માથે રેડી દીધું. ખૂબ ઠંડીના દિવસો હતા, પંડિતજીએ કોઈ ગરમ વસ્ત્રો પહેર્યા નહોતા છતાં પંડિતજીએ ગુસ્સો ન કરતાં પ્રેમથી કહ્યું, "જો ગરજતે હૈ વો બરસતે નહિ ઐસા મૈં સોચતા થા, કિન્તુ તુમ રોજ ગરજતી થી લેકિન આજ તો બરસ ભી ગઈ." પંડિતજીના પત્નીએ પંડિતજીના પગે પડી માફી માગી.

**[૨]** એક પરિવારમાં દંપતી અને તેમનો એકનો એક પુત્ર રહેતા હતા. એક દિવસ પત્ની રસોઈ બનાવી રહી હતી તે સમયે પતિએ બહારથી આવીને રૂપિયાનું બંડલ સાચવવા આપ્યું. રમતમાં ને રમતમાં બાળકે તે બંડલ ચૂલામાં નાખી દીધું. માની નજર જતાં ગુસ્સામાં આવીને બાળકને ચૂલામાં ફેંકી દીધું. આગમાં લપેટાઈ બાળક મૃત્યુ પામ્યું. પતિને આ વાતની ખબર પડતાં પત્નીને સળગતા ચૂલામાં નાખી દીધી. પત્ની પણ સળગી ગઈ. પતિને જેલમાં જવાનો વારો આવ્યો. એક ક્રોધે જ્વાળામુખીની માફક પરિવારને કેવું ભસ્મ કરી નાખ્યું. આપણે ક્રોધથી બચીએ, ક્ષમાને ધારણ કરીએ તેવી અભ્યર્થના.

# પાવન પર્યુષણ પર્વ

**પરેશભાઈ એમ. શાહ (બેંગ્લોર)**

તહેવાર એ લૌકિક છે એટલે લોકોને માટે ઉજવાય છે, જ્યારે પર્વ એટલે અંતરશુદ્ધિ-ભાવશુદ્ધિ માટે ઉજવાય છે. પોતે પોતાના આત્મામાં રહીને, આત્માને શુદ્ધ કરવાનું પર્વ એટલે જ પર્યુષણ પર્વ.

પર્યુષણ શબ્દ સંસ્કૃત ધાતુ પરથી બન્યો છે પરિ + વસ્. ઉસ્ ધાતુ જેમાં પરિ ઉપસર્ગ છે અને વસ્ - ઉસ્ ધાતુથી ભાવવાચક નામ થતાં પર્યુષણ શબ્દ બને છે પરિ એટલે ચારે બાજુથી અને વસ્ એટલે વસવું એટલે કે **ચારે બાજુથી આત્મામાં વસવું. વિભાવભાવોનો નાશ કરીને સ્વભાવમાં વસવું.**

જૈન ધર્મ એ આત્માનો ધર્મ છે. જૈન ધર્મમાં ઘણા પર્વો છે, પરંતુ બધા જ પર્વોનો રાજા પર્યુષણ પર્વ છે તેથી આ પર્વને પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ કહેવાય છે અને દરેક જૈન આ મહાપર્વની આતુરતાથી રાહ જુએ છે.

પર્યુષણ પર્વમાં તપનો મહિમા છે; જેમાં બે પ્રકારના તપનો મહિમા કહ્યો છે - બાહ્ય અને અંતરંગ. તેમાં અંતરંગ તપનો મહિમા ઘણો છે કારણ કે આ તપમાં આત્મશુદ્ધિ વિશેષ થાય છે. જો આપણું ચિત્ત જપ, તપ, સ્મરણ, ધ્યાન, મૌન, ચિંતન, બને તેટલો સમય સ્વાધ્યાયમાં, સત્સંગમાં અને પ્રભુભક્તિમાં લીન થઈને આત્મલક્ષમાં રાખીશું તો ચિત્તની નિર્મળતા આવશે અને આ મહાપર્વ આપણે સાચી અને સારી રીતે ઉજવી શકીશું.

**પર્યુષણ મહાપર્વ એટલે ભાડાના ઘરને છોડીને પોતાની માલિકીના ઘરમાં આવીને રહેવું.** ભાડાનું ઘર એટલે નિષ્ઠુરતા, ક્રોધ, અહંકાર, માયા, કપટ, લોભ, સ્વાર્થ - આ બધું જ છોડીને ચિત્ત પોતાના ઘરમાં જ્યાં કોમળતા, ક્ષમા, નમ્રતા, સરળતા, વિનમ્રતા અને સંતોષ જેવા આત્માના ગુણો છે તેમાં રહીને એટલે કે પોતાની માલિકીના ઘરમાં રહીને આ પર્વની ઉજવણી કરવી. તેથી જ કહે છે કે પર્યુષણ પર્વ એટલે...

- ક્ષમાની આપ-લે કરવાનું પર્વ.
- વિષમભાવમાંથી સમભાવમાં આવવાનું પર્વ.
- પોતાના જ્ઞાનગુણને નિર્મળ-શુદ્ધ કરવાનું પર્વ.
- ચિત્તના પ્રદૂષણને દૂર કરવાનું પર્વ.
- આત્માને ભોજન આપવાનું પર્વ.
- પાપ ધોવાનું પર્વ.
- આત્મા પર લાગેલા કર્મમળને સાફ કરવાનું પર્વ.
- જીવનપરિવર્તનનું પર્વ.
- રાગ અને દ્વેષ દૂર કરવાનું પર્વ.
- આત્મશુદ્ધિ, ચિત્તશુદ્ધિ, હૃદયશુદ્ધિ અને ભાવશુદ્ધિનું પર્વ.
- સ્વાર્થને બદલે નિઃસ્વાર્થ તરફ લઈ જતું પર્વ.
- આત્માની જાગૃતિ લાવનારું પર્વ.

પર્યુષણ પર્વનો છેલ્લો દિવસ સંવત્સરી મહાપર્વ એટલે ક્ષમાનો દિવસ. કોઈપણ જીવ સાથે જાણતા કે અજાણતા વેર બંધાયું હોય તો અંતરથી તેમની ક્ષમા માગીએ. કારણકે ક્ષમા એ આત્માનો ધર્મ છે, સાધનાનો સાર છે, મોક્ષનો દરવાજો છે, જીવનનો પ્રાણ છે. ક્ષમા માગવાથી અને આપવાથી ચિત્તમાં અનેરી શાંતિ મળે છે કારણ કે મનુષ્યનું આભૂષણ રૂપ છે, રૂપનું આભૂષણ ગુણ છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે.

**(અનુસંધાન પાના નં. ૧૭ પર...)**

# भाद्रपद और पर्युषण पर्व

**पूज्य गणाचार्य श्री १०८ विरागसागरजी महाराज**

**● धर्म और उसके दस लक्षण :**

पू.आ.कार्तिकेयस्वामी अपने 'कार्तिकेयानुप्रेक्षा' ग्रंथ में धर्म का विश्लेषण करते हुए लिखते हैं – 'धम्मो वत्थु सहावो' अर्थात् वस्तु का स्वभाव ही धर्म है। एक जिज्ञासु शिष्य के मन में प्रश्न उठा –अपना स्वभाव कैसे प्राप्त कर सकतें हैं ? तब उन्होंने कहा –

धम्मो वत्थु सहावो, खमादि भावो य दसविहो धम्मो।
रयणत्रयं च धम्मो, जीवाणं रक्खणं धम्मो ॥

अर्थात् जीवों की रक्षा से रत्नत्रय धर्म तक पहुँचा जाता है और रत्नत्रय धर्म दस प्रकार के धर्मों तक ले जाता है तथा साधक अपने स्वभाव में स्थिर हो जाता है। यद्यपि धर्म एक ही है, दस आदि नहीं, पर आत्म-स्वभाव तक पहुँचाने के लिए दस धर्म दस सीढ़ियों के समान हैं। इनके बिना लक्ष्य तक नहीं पहुँचा जा सकता।

अत: जैन संप्रदाय में दस लक्षण पर्व बड़ी प्रमुखता से मनाया जाता है। यद्यपि अन्य संप्रदायों में भी दस धर्म अन्य नामों से मान्य किये गये हैं यथा – मनुस्मृति में –

**शमोदमस्तपः शौच शान्तियार्जवमेव च ।**
**ज्ञान विज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्॥**

शम (कषाय उपशम), दम (इंद्रियों का दमन अर्थात् संयम), तप, शौच (निर्लोभता), शांति (क्षमा भाव), आर्जव, ज्ञान (विवेक), विज्ञान (सच्चरित्र), आस्तिक्य (पुण्य, पाप और परमातमा के अस्तित्व की स्वीकृति)।

किंतु अन्य संप्रदायों में धर्म के पहिले 'उत्तम' विशेषण कहीं नहीं आया। उत्तम अर्थात् 'दृष्टप्रयोजन परिवर्जनार्थभुक्तमं विशेषणम्' दिखाई देने वाले प्रयोजन का निषेध करने के लिए क्षमादि के पहिले उत्तम विशेषण दिया है। रत्नत्रय धारी साधक के ये धर्म उत्तम कहलाते हैं, सभी के नहीं । पर इसका तात्पर्य यह नहीं कि किसी दूसरे को उत्तम धर्म धारण नहीं करने चाहिए या दूसरे को ये प्राप्त नहीं हो सकते । ऐसा नहीं, अमृत का एक घड़ा न मिल पाये। एक गिलास या एक कटोरी भी मिले तो अच्छा है, ले लेना, क्योंकि इसके पाने से व्यक्ति अजर-अमर हो जाता है।

**● पर्युषण क्या है ?**

भाद्रपद में आने वाले दशलक्षण धर्म का 'पर्युषण पर्व' के नाम से अधिक प्रचलन है । पर्युषण शब्द की व्याख्या है – 'परि आसमन्तात् उष्यन्ते, दह्यन्ते पाप कर्माणि यस्मिन तत् पर्युषणम्', जो सब तरफ से आत्मा में रहने वाले कर्मों को तपाये, जलाये वह है पर्युषण। आचार्य शिवकोटि ने साधुओं के १० स्थितिकल्पों में अंतिम पर्युषण कल्प दिया है। भगवती आराधना की विजयोदयी टीका में लिखा है – पंज्जोसमण कप्पो नाम दशमः (स्थिति कल्प/पाद्य स्थिति कल्प) ।

जिसका तात्पर्य है कि वर्षाकाल में चार मास तक एक ही स्थान में रहना/भ्रमण का त्याग, यह पाद्य नामक दशवां स्थितिकल्प है। वर्षाकाल में सूक्ष्म, त्रस व स्थावर जीवों की उत्पत्ति प्रचुर मात्रा में होती है, अतः उनकी हिंसा से बचने के लिए मुनिजन १२० दिन एक स्थान पर रहते हैं, यह उत्सर्ग नियम है। यह पर्युषण कल्प है। इसी कारण से पूरा वर्षाकाल ही पर्युषण कहलाता है। श्वेतांबर परंपरा में मान्य दशा श्रुतस्कंध नामक छेद सूत्र है, जिसके आठवें अध्ययन का भी नाम पज्जोसणाकाव (पर्युषण कल्प) है। इस सूत्र की निर्युक्ति के अनुसार पर्युषण, परिवसना, पर्युपशमना, वर्षावास, प्रथम समवसरण, ज्येष्ठ ग्रह सब पर्यायवाची हैं। अतः एक तथ्य और ध्यान देने योग्य है कि भगवान महावीर की प्रथम दिव्य देशना भी श्रावण वदी एकम को खिरी थी । यह वर्षायोग का काल था । तब श्रावकों ने भगवान की देशना सुन अत्यंत हर्षित होकर भाद्र मास के दशलक्षण पर्व को अत्यंत उल्लास के साथ मनाया होगा । तब से भाद्र मास के दस लक्षण पर्व को प्रतिवर्ष अत्यंत प्रमुखता व हर्ष उल्लास से मनाया जाने लगा होगा । तथा भगवान महावीर के वर्षावास प्रवास में व्यवहृत पर्युषण शब्द दशलक्षण पर्व से भी जुड़ गया हो।

आगम के परिप्रेक्ष्य में देखने पर एक बात और समझ में आती है कि काल-गणना में छठे काल का अंत सदा आषाढ़ी पूर्णिमा को होता है तथा नये युग का प्रारंभ उसी से लगी हुई (अनन्तर) तिथि श्रावण कृष्णा प्रतिपदा को अभिलित नक्षत्र से होता है। अंतिम कालखंड में अंतिम सात सप्ताहों में सात कुवृष्टियाँ होती हैं, जो सृष्टि का प्रलय करती हैं। तिलोय पण्णत्ति ग्रंथ में आ. यतिवृषभ महाराज लिखते हैं कि महागंभीर भीषण संवर्तक वायु चलती है, जो वृक्ष, पर्वत शिला आदि को चूर्ण कर देती है, जिससे मनुष्य एवं तिर्यंच महादुःख प्राप्त करते हैं तथा शरण योग्य स्थान की अभिलाषा करते हुऐ बहुत प्रकार से प्रलाप करते हैं। इस समय पृथक्-पृथक् संख्यात एवं संपूर्ण बहत्तर युगल गङ्गा-सिन्धु नदियों की वेदी और विजयार्ध वन के मध्य प्रवेश करते हैं। देव और विद्याधर भी दयार्द्र होकर मनुष्य और तिर्यंचो में से संख्यात जीव-राशि को उन प्रदेशों में ले जाकर सुरक्षित रखते हैं। उस समय गंभीर गर्जना सहित मेघ, अत्यंत शीतल जल, क्षार जल तथा तीक्ष्ण विष जल में से प्रत्येक की ७-७ दिन तक वर्षा होती हैं। इसके अतिरिक्त वह मेघ-समूह धूम, धूलि, वज्र एवं जलते हुए दुष्प्रेक्ष्य ज्वाला समूह सात-सात दिन तक बरसाते हैं। इस प्रकार क्रमशः भरत क्षेत्र के मध्य आर्यखंड में चित्रा पृथ्वी के ऊपर स्थित एक योजन की भूमि जलकर नष्ट हो जाती है। उस समय आर्यखंड शेष भूमियों के समान दर्पण-तल के सदृश, कांतियुक्त और धूलि एवं कीचड़ की कलुषता से रहित हो जाता है। इसके उपरांत उत्सर्पिणी काल के प्रारंभ में पुष्कर मेघ सात दिन पर्यंत सुखोत्पादक जल बरसाते हैं , जिससे कालाग्नि में जली हुई संपूर्ण पृथ्वी शीतल हो जाती है। फिर सात दिन पर्यंत क्षीर मेघ, क्षीर जल की वर्षा करते हैं,

जिससे क्षीर जल से भरी हुई पृथ्वी उत्तम कांतियुक्त हो जाती है। तत्पश्चात् सात दिन पर्यंत अमृतमेघ अमृतवृष्टि करते हैं, जिससे अमृत से अभिषिक्त भूमि पर लता एवं गुल्म आदि उगने लगते हैं। तदुपरांत रस मेघ सात दिन तक द्रव्य रस की वर्षा करते हैं, जिससे वे लता-गुल्म आदि रस से परिपूर्ण हो जाते हैं। इस प्रकार विविध रसपूर्ण औषधियों से भरी हुई भूमि सुस्वादु रूप परिणत हो जाती हैं। पश्चात् शीतल गंध को ग्रहण कर वे मनुष्य और तिर्यंच गुफाओं से बाहर निकल आते हैं। इस तरह यह सृष्टि के प्रलय और सृजन का क्रम हैं। इस कालगणना के अनुसार अवसर्पिणी के छठे काल के अंत में ४९ दिन अर्थात् ज्येष्ठ कृष्णा ११ से आषाढ़ शुक्ल पूर्णिमा तक महाभयंकर प्रलय होता है। फिर श्रावण कृष्ण १ से भाद्र शुक्ल ४ तक सात सप्ताहों में सुखोत्पादक वृष्टियाँ होती हैं। चतुर्थी तक की इन सुवृष्टियों के साथ जो भाद्र शुक्ल ५ आती है वह सृष्टि के सृजन, शांति का प्रथम दिन हैं। इसीलिए इसी तिथि से लेकर १० दिन तक पड़नेवाले दशलक्षण पर्व का नाम पर्युषण पर्व पड़ा।

**● पर्युषण के पर्यायवाची :**

प्रसिद्ध इतिहासविद डॉ. ज्योतिप्रसाद जैन लिखते है कि स्वयं पर्युषण शब्द अपभ्रंश है। इसके प्राकृत रूप पज्जूसन, पज्जोसवण, पज्जोसमन आदि हैं और संस्कृत रुप पर्युषन, पर्युषण, पर्युपवास, पर्युपासन आदि हैं। पर्युषन (परि + उषन) का अर्थ परभाव से विरक्त होकर स्वभाव में रमण करना है। पर्युपशमन (परि + उपशमन) का अर्थ क्रोधादि कषाय भावों का उपशमन करना हैं। पर्युपवास (परि + उपवास) का अर्थ वर्षायोग में एक स्थान पर रहकर अपनी आत्मा में ही निवास करना और पर्युपासना (परि + उपासना) का अर्थ है उत्कृष्ट उपासना अर्थात् आत्माराधना करना। इस प्रकार सभी अर्थों की दृष्टि से पर्युषण आत्मालोचन, आत्म निरीक्षण, आत्म जाग्रति एवं आत्मोपलब्धि का महान पर्व है।

**● भाद्र मास और पर्युषण पर्व :**

**अहोभाद्र, पदाख्योऽयं मासोऽनेक व्रताकरः।**
**धर्म हेतुः परो मध्येऽन्य-मासानां नरेन्द्रवत् ॥**

भाद्रमास अन्य मासों में नरेंद्रवत श्रेष्ठ हैं। वर्ष के सर्वाधिक पर्व और त्यौहार इसी माह में आते हैं। (पर्युषण पर्व) दशलक्षण पर्व भी इसी मास में प्रमुख रूप से मनाया जाता है। यद्यपि यह वर्ष में एक बार नहीं, तीन बार भादों, माघ और चैत्र के महिने में शुक्ल पक्ष की पंचमी से लेकर चतुर्दशी में आता है। जैन धर्म के दिगंबर व श्वेतांबर दोनों संप्रदाय में इस पर्व को अत्यंत हर्ष उल्लास से मनाने की परंपरा है। विशेष यह है कि श्वेतांबर समाज भाद्रपद कृष्ण १३ से भाद्रपद शुक्ल ५ तक सिर्फ ८ दिन का मनाती है जबकी दिगंबर समाज में उक्त दश दिन का ही प्रचलन है। मध्य की किसी तिथि के क्षय हो जाने पर पर्व एक दिन पहिले से प्रारंभ कर दिया जाता है, किंतु समापन तिथि नियम से चतुर्दशी होती है। इसी से जुड़े क्षमावाणी पर्व का आयोजन पर्व के पश्चात् किसी भी तिथि में किया जा सकता है।

——— x ———

# જીવનઉદ્યાન : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૬૯**

**સુવિચારોની નવીન પ્રચાર-પ્રસાર પદ્ધતિ**

*નૂતન વર્ષ નિમિત્તે મોકલાતા મોંઘા Greeting Cards કે જેની માત્ર ઊડતી નજરે જોઈને ઉપેક્ષા કરવામાં આવે છે. તેને બદલે ઓછી કિંમતના પરંતુ સુંદર, પ્રેરક વિચારો ફેલાવતી આકર્ષક પુસ્તિકા ગ્રાહકો, મિત્રો, સ્નેહીઓને નૂતન વર્ષ નિમિત્તે કે માતા-પિતાના સ્મરણાર્થે, જન્મજયંતી કે અન્ય કોઈપણ સારા પ્રસંગે મોકલીએ તો, તેઓ તથા તેમના નિકટના સંબંધીઓ જરૂર વાંચે અને તેમાંથી તેમના જીવનમાં કોઈ સારા ગુણો જાગ્રત થઈ શકે.*

*આ દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી* **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા** *દ્વારા છેલ્લા ૩૧ વર્ષથી દર વર્ષે દિવાળી પુસ્તિકાઓ બહાર પાડવામાં આવે છે. ગુજરાતી સમાજમાં ઘણી પ્રચલિત થયેલી આ પુસ્તિકાના લગભગ કુલ ૭૦,૦૦૦ નંગના ઓર્ડર આવે છે.*

*વિ. સં. ૨૦૬૯ની દિવાળી પુસ્તિકા* **'જીવનઉદ્યાન'** *(૪૦ પાના) તૈયાર થઈ ગઈ છે, જે સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.*

*દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પુસ્તિકાના પ્રકાશન અને વિતરણમાં નીચે મુજબના નિયમો-મર્યાદા રાખેલ છે :-*

(૧) *કવર સાથે* **'જીવનઉદ્યાન'** *ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૫/- રાખેલ છે.*

(૨) *પુસ્તિકાનું ટાઈટલ ચાર કલર પ્રિન્ટિંગમાં નયનરમ્ય તૈયાર કરેલ છે. ટાઈટલ તથા કવર ઉપર નામ-સરનામું છાપવાની ૧ ઈંચ X ૩ ઈંચની સુંદર જગ્યા રાખવામાં આવેલ છે.*

(૩) *પુસ્તિકાને વિદ્વાનોના લેખો, પ્રેરક પ્રસંગો, ટૂંકા લેખો, રત્નકણિકાઓ, સુવિચારો, સદ્‌ગુણપ્રેરક અવનવી માહિતીથી સજાવવામાં આવી છે.*

(૪) *નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે.*
*નામ-સરનામું છાપવાનો ખર્ચ : ૫૦૦ પુસ્તિકાઓ - રૂા. ૨૦૦/-*

(૬) *ઓર્ડર ફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા* **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના *સરનામે મોકલવાની રહેશે.*

(૭) *તા. ૨૫-૧૦-૨૦૧૨ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ પ્રિન્ટિંગવાળા ઑર્ડર લેવામાં આવશે નહિ અને સાદી પુસ્તિકાઓ સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું.*

(૮) *ઑર્ડર નોંધવા બાબતે કે પુસ્તિકાને લગતી માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.*

## દિવાળી પુસ્તિકા માટેનું ઑર્ડરફોર્મ

*કેટલા નંગનો ઑર્ડર છે ? ____________*

*નામ છાપવાનું છે ? ____________ હા ____________ના*

*નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.*

*તમારું ઇ-મેલ એડ્રેસ : ____________________________*

*ફોન નંબર : ____________________________*

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

### સંપર્કસૂત્રો

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ
ફોન : ૨૫૩૫૬૬૪૬
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી**
ડૉ. સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪
મો. ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ**
શાલિભદ્ર સ્ટેશનર્શ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૬૫૪૪૬૦૧૫
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્‌ગુરુપ્રાસાદ**
પુષ્પવીલા, મીઠાખળી
ફોન : ૨૬૫૬૮૪૨૩

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી**
રૂપમ ડ્રાયફ્રુટ્સ
ફોન : (૦૨૨)૨૮૮૨૯૨૪૯ / ૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી નગીનભાઈ પંચમિયા**
C/o. વિનોદ ટી સેન્ટર
ફોન : (૦૨૨) ૨૫૧૧૮૮૯૭
મો. ૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૯૮૨૦૩ ૨૯૨૭૭

(૫) **શ્રી અશોકભાઈ પી. શાહ**
ફોન : (ઘર) ૦૨૨ - ૨૪૧૬૧૮૪૨
મો. ૦-૯૮૩૩૯ ૫૩૩૩૭

## BANGLORE

(૧) **શ્રી જયેશભાઈ જૈન**
સુજય એન્ટરપ્રાઈઝ
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯
મો. ૯૩૪૧૦૪૧૮૪૭

## CHENNAI

(૧) **શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૯૮૪૦૯ ૮૫૦૯૮

## HIMATNAGAR

(૧) **શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : ૨૩૪૬૪૮
મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

## KOLKATA

(૧) **શ્રી મગનબાપા સેવા સમિતિ**
ફોન : (૦૩૩) ૨૨૩૫૭૫૩૯
મો. ૯૩૦૧૦ ૧૪૯૪૯

## LIMBDI

(૧) **શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

## LAXMIPURA

(૧) **શ્રી લાલજીભાઈ પટેલ**
ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

## PALITANA

(૧) **શ્રી મનસુખભાઈ બારોટ**
મો.૯૮૨૫૯૯૯૬૯૦

## RAJKOT

(૧) **શ્રી હીરલભાઈ મનહરલાલ મોદી**
સી-૧૧, અંબિકાપાર્ક, હનુમાન મઢી પાસે,
રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭.
ફોન : (૦૨૮૧) ૨૪૫૬૦૬૩ (ઘર)
મો. ૯૪૨૬૪ ૬૦૬૨૬

## RAKHIYAL

(૧) **શ્રી રામજીભાઈ પટેલ**
લોકનાદ શિક્ષણ સંકુલ
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩
મો. ૯૮૨૫૪૮૪૭૯૫

## SURENDRANAGAR

(૧) **શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧

## VADODARA

(૧) **શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
c/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭
મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

## OVERSEAS

### U. K.

1. Mrs. Shrutiben Malde
Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
Ph. 208-951-5424, 208-952-8056
3. Mr. Harshadbhai Sanghrajka
Ph. 208-954-9632

### U.S.A.

4. Mr. Prafulbhai Lakhani
Ph. 631-423-9647, (O) 516-679-1238
M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
Ph. 714-894-2930
6. Mr. Birenbhai Pravinbhai Mehta
Ph. 714-389-3672

### KENYA

7. Mr. Manubhai S. Shah
Ph. 254-2375-1679

### CANADA (Toronto)

8. Mr. Jyotindrabhai Soneji
Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## આપણી સંસ્થામાં પૂજ્યશ્રી ઉત્તમભાઈ શાહની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

સંસ્થાના આમંત્રણને માન આપી લીંબડીથી પરમ આદરણીય, પૂજ્યશ્રી ઉત્તમભાઈ શાહ પધાર્યા હતા. તા. ૧૭-૮-૨૦૧૨ થી તા. ૨૬-૮-૨૦૧૨ દરમ્યાન સંસ્થામાં તેઓની સ્વાધ્યાયશ્રેણી યોજાઈ હતી. પૂજ્યશ્રી ઉત્તમકાકાએ શ્રી વચનામૃતજીના અવલંબનના આધારે તેમની હળવી શૈલીમાં ગંભીર જ્ઞાન-વૈરાગ્યવર્ધક બોધ આપ્યો હતો. તેઓના વક્તવ્યમાં તેમના વર્ષોના અનુભવની ઝાંખી થતી હતી. તેઓએ આપણને સચોટ ચાબખા મારી જાગૃત કર્યા છે, તે માટે આપણે સૌ તેમના ઋણી છીએ. તેઓ અવારનવાર સંસ્થામાં પધારી વિશેષ બોધ આપે તેવી વિનંતી કરીએ છીએ.

તેઓએ શ્રી સદ્‌ગુરુપ્રાસાદમાં પણ સુંદર ધર્મવાર્તા દ્વારા બોધ આપ્યો હતો. પૂજ્યશ્રી ઉત્તમકાકા, તેઓના ધર્મપત્ની જયાબા તથા સુપુત્રી બા.બ્ર.જયશ્રીબેનનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને તથા મેમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, પર્લીના મુમુક્ષુઓનું આપણા કેન્દ્રમાં સત્સંગ અર્થે આગમન

તા. ૯-૮-૨૦૧૨ થી ૧૨-૮-૨૦૧૨ સુધી પરમ પૂજ્ય શ્રી પપ્પાજીની આજ્ઞાથી આદ. શ્રી સુરેશભાઈ છેડાના નેતૃત્વ હેઠળ ૧૧ સાધકો ઘનિષ્ઠ સાધના અર્થે આપણા કેન્દ્રમાં પધાર્યા હતા. આ સમય દરમ્યાન આદ. મુમુક્ષુ ભાઈશ્રી અશોકભાઈ શાહે શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૧૦૧ સ્મૃતિમાં રાખવા યોગ્ય મહાવાક્યો ઉપર મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. પૂજ્યશ્રી આત્માનંદજીએ વચનામૃત પત્રાંક ૩૦૧, ૮૬૦ તથા શ્રી મોક્ષમાળા પાઠ - ૧૫ ના આધારે ભાવવાહી શબ્દોમાં બોધ આપ્યો હતો. આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ આસ્રવ તથા સંવર તત્ત્વનો ખૂબ સુંદર રીતે અભ્યાસ કરાવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીએ ‘ક્ષમા’ના ભાવ ઉપર ધર્મવાર્તા કરી હતી.

આ ઉપરાંત તા. ૯મીએ રાત્રે આદ.શ્રી શંકરભાઈ બારોટની ભક્તિ આદ. સંતશ્રી નિર્મદદાસજી (કબીરપંથી)ના સાન્નિધ્યમાં રાખી હતી. તેઓએ શાસ્ત્રીય સંગીત સહિત ખૂબ ભાવપૂર્વક ભક્તિસંગીતનો લાભ આપ્યો હતો. પર્લીથી પધારેલા સૌ સાધકોની સરળતા, સાધર્મી વાત્સલ્ય, ભક્તિભાવ તથા સત્સંગની જિજ્ઞાસા ખૂબ પ્રેરણાદાયી છે. તેઓના આગમનથી આપણા કેન્દ્રમાં એક ઘનિષ્ઠ સાધનાશિબિરનું વાતાવરણ સર્જાયું હતું. આ શિબિર ખરેખર સ્વ-પરને કલ્યાણકારી બની છે. આવી ધર્મભાવના માટે પૂજ્યશ્રી સૌને અભિનંદન તથા શુભાશીર્વાદ પાઠવે છે. સંસ્થા વતી પણ સૌને અભિવાદન સહિત વંદન કરીએ છીએ. બંને રાજપરિવારનું વાત્સલ્યસભર તથા ઉલ્લાસમય વાતાવરણમાં ધર્મમિલન યોજાયું તે આનંદની વાત છે.

## યુવાશિબિરની તારીખોમાં ફેરફાર

સૌ યુવા મુમુક્ષુઓને જણાવવાનું કે 'દિવ્યધ્વનિ'ના જૂન-૨૦૧૨ અંકમાં જાહેર કરેલ યુવાશિબિર કે જે નવેમ્બર ૧૫ થી ૧૭ તારીખોમાં રાખેલ, તે હાલ પૂરતી અનિવાર્ય સંજોગોને લીધે મુલતવી રાખેલ છે. નવી તારીખો માટે યુવા-સાધક કમિટિમાં જે નિર્ણય લેવાશે તે 'દિવ્યધ્વનિ'માં યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે.

## અમદાવાદમાં શ્રીમદ્ રાજચંદ્ર અંડરબ્રીજનું ઉદ્ઘાટન

આપણા રાજપરિવારના ઈતિહાસમાં પ્રથમવાર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું નામ એક જાહેર જગ્યા સાથે જોડાયું છે, જે આનંદનો વિષય છે. નરોડા (અમદાવાદ)ના આઈ.ટી.આઈ.ની બાજુમાં આવેલ અંડરબ્રીજનું નામ 'શ્રીમદ્ રાજચંદ્ર અંડરબ્રીજ' રાખવામાં આવ્યું છે. તા. ૧૯-૮-૨૦૧૨ના રોજ નામાભિકરણનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ દ્વારા ઘણા જીવોને તેમના મહાન વ્યક્તિત્વનો પરિચય થશે. આપણી સંસ્થામાંથી પૂજ્ય બહેનશ્રી સાથે સંસ્થાના કેટલાક મુમુક્ષુઓ આ કાર્યક્રમના સહભાગી બન્યા હતા. આવા સુંદર આયોજન માટે શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, નરોડાના કાર્યકર્તાઓ તથા તેમને સહકાર આપનાર રાજકીય નેતાઓને ખૂબ ખૂબ ધન્યવાદ. આપણી સંસ્થા તરફથી તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

## ભાવનગરના મુમુક્ષુ આદ.શ્રી અરવિંદભાઈ પી. શાહના નિવાસસ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના સાનંદ-સંપન્ન

તા. ૨૫-૮-૨૦૧૨ ના રોજ ભાવનગરના આદ. મુમુક્ષુ ભાઈશ્રી અરવિંદભાઈ પી. શાહના નિવાસસ્થાને ભગવાન મહાવીરસ્વામી, આચાર્યપ્રવરશ્રી કુંદકુંદસ્વામી તથા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટોની સ્થાપના સાનંદ સંપન્ન થઈ.

આદ. મુમુક્ષુ ભાઈશ્રી અરવિંદભાઈ વિશેષ કોબામાં રહીને સેવા-સાધના કરે છે. તેમની ભાવનાથી પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા મુમુક્ષુ ભાઈ-બહેનો તા. ૨૪-૮-૨૦૧૨ના રોજ નીકળી ભાવનગર તેઓના નિવાસસ્થાને ગયા હતા. સાંજનો અલ્પાહાર પૂજ્યશ્રીના મોટા બહેન ભક્તહૃદયી બહેનશ્રી કુસુમબેન જગડને ત્યાં લીધો હતો. રાત્રે આદ.શ્રી અરવિંદભાઈને ઘરે ક્ષેત્ર-વિશુદ્ધિ અર્થે જાપ તથા ભક્તિ રાખવામાં આવ્યા હતા.

તા. ૨૫-૮-૨૦૧૨ના રોજ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધીમાં શ્રી દેવશાસ્ત્રગુરુની ભાવપૂજા, શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ, પૂજા અને સ્થાપનાવિધિ ખૂબ ભક્તિભર્યા માહોલમાં સંપન્ન થયા હતા. આદ. બા.બ્ર.યુવા મુમુક્ષુ બહેનશ્રી અલકાબેન, બા.બ્ર.બહેનશ્રી જનકબેન, બા.બ્ર.આદ.ભાઈશ્રી સુરેશજી તથા આદ. ભાઈશ્રી નવનીતભાઈ મિશ્રાએ ખૂબ ભાવપૂર્વક પૂજા તથા ભક્તિ કરાવ્યા હતા. ભાઈશ્રી અરવિંદભાઈના પરિવારના સભ્યો તથા સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક સ્થાપનાવિધિ તથા ભક્તિમાં જોડાયા હતા. આ પ્રસંગે આદ.શ્રી અરવિંદભાઈએ સંસ્થાને

રૂા. ૨૧,૦૦૦/- નું દાન અર્પણ કર્યું છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

આદ.શ્રી અરવિંદભાઈ તથા સમગ્ર પરિવારજનોના આવા સુંદર આયોજન માટે સંસ્થા તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ. પૂજ્યશ્રીએ તેઓની ધર્મભાવનાની વૃદ્ધિ અર્થે અનેકશઃ શુભાશીર્વાદ પાઠવે છે.

## તપસ્વીઓની અનુમોદના

**[૧]** સૂરત નિવાસી બા.બ્ર.આદ.શ્રી ઈન્દિરાબેન ઝવેરીએ ૮૨ વર્ષની વયે ૪૧ એકાસણાના તપની આરાધના કરી હતી. પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે તેઓના પારણા કરવામાં આવ્યા. આ પ્રસંગે આદ.શ્રી ઈન્દિરાબેન ઝવેરી તરફથી સંસ્થાના ભોજનાલયમાં મિષ્ટાન્ન રાખવામાં આવ્યું હતું તેમજ પ્લાસ્ટિકના ડબાની પ્રભાવના કરવામાં આવી હતી. સમસ્ત કોબા પરિવાર ઈન્દિરાબેનના તપની અનુમોદના કરે છે.

**[૨]** આપણી સંસ્થામાં તા. ૨૨-૮-૨૦૧૨ ના દિવસે નીચેના તપસ્વી ભાઈ-બહેનોના પારણા પૂજ્યશ્રીના હસ્તે થયા : (૧) આદ.શ્રી કીર્તિભાઈ વિનુભાઈ દોશી - ૬ ઉપવાસ, (૨) આદ.શ્રી દિવ્યેશભાઈ બિપીનભાઈ દોશી - ૬ ઉપવાસ, (૩) વિશુદ્ધિબેન કીર્તિભાઈ દોશી - અઠ્ઠમ, (૪) કૌશાલીબેન કીર્તિભાઈ દોશી -અઠ્ઠમ, (૫) ડોલીબેન કીર્તિભાઈ દોશી - ૮ એકાસણા, (૬) ભૂમિકાબેન દિવ્યેશભાઈ દોશી - ૮ એકાસણા

આ ઉપરાંત ઉપવાસ, એકાસણા કરનારા તપસ્વી ભાઈ-બહેનોના પારણા થયા. આ પારણાનો લાભ સંસ્થાના ભોજનાલયમાં નિઃસ્વાર્થભાવે સેવાઓ આપતા આદ.શ્રી કિરીટભાઈ શાહ તથા તેઓના ધર્મપત્ની વર્ષાબેન શાહે લીધો હતો. આ પ્રસંગે શ્રી આત્મસિદ્ધિપારાયણ તથા પૂજ્યશ્રીના ઉદ્બોધનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

## સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવ માટે આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવ

સંસ્થાના મેડિકલ સેન્ટરના નિભાવખર્ચને પહોંચી વળવા માટે નીચેના દાનવીર મહાનુભાવનો આર્થિક સહયોગ સાંપડ્યો છે, જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે.

(૧) સ્વ. મુક્તાબેન રેવાશંકર સંઘવીની (પૂજ્ય બાના સ્મરણાર્થે) રૂા. ૮૦૦૦/-
૮૨મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે - આદ.શ્રી સરોજબેન પારેખ (રાજકોટ)

## અમેરિકામાં પર્યુષણ પર્વની ઉજવણી

અમેરિકાના ન્યુજર્સી મુકામે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરના અધિષ્ઠાતા પૂજ્યશ્રી રાકેશભાઈ ઝવેરીની નિશ્રામાં ૮૦૦ જેટલા જૈન ભાઈ-બહેનોએ આઠ દિવસના રેસિડેન્શિયલ પર્યુષણ પર્વની ઉજવણી કરી હતી. પૂજ્યશ્રી રાકેશભાઈએ ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત 'શાંત સુધારસ' ગ્રંથના માધ્યમથી મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા ભાવનાઓના બોધ દ્વારા બાહ્ય જગત સાથે પ્રેમપૂર્ણ વ્યવહારનો સંદેશ આપ્યો હતો. પૂજ્યશ્રી રાકેશભાઈએ જે ધર્મપ્રભાવનાનું સુંદર કાર્ય કર્યું છે તેની સમસ્ત કોબા પરિવાર અનુમોદના કરે છે.

# આપણી સંસ્થામાં પૂજ્યશ્રી ઉત્તમભાઈ શાહ (લીંબડી)ની યોજાયેલ સ્વાધ્યાયશ્રેણી વેળાએ (તા. ૧૭-૮-૨૦૧૨ થી તા. ૨૬-૮-૨૦૧૨)





પૂજ્યશ્રી ઉત્તમભાઈ શાહનું સંસ્થા દ્વારા અભિવાદન



મુરબ્બી આદ.શ્રી જયાબાનું સંસ્થા દ્વારા અભિવાદન






બા.બ્ર.આદ.શ્રી જયશ્રીબેનનું સંસ્થા દ્વારા અભિવાદન

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2012-14 issued by SSP Ahmedabad valid upto 31-12-2014

## સંસ્થા દ્વારા પ્રકાશિત 'જીવનઉદ્યાન' દિવાળી પુસ્તિકાનું મુખપૃષ્ઠ




### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

❶ **શ્રીમતી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ સોનેજી,**
**શ્રી જ્યોતીન્દ્રભાઈ વીરજીભાઈ સોનેજી - ટોરોન્ટો, કેનેડા**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૨ ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

❷ **સ્વ. દલીચંદભાઈ ભગવાનજીભાઈ દામાણી (સ્વ. બાબુભાઈ)ના આત્મશ્રેયાર્થે**
**હસ્તે - દામાણી પરિવાર (રાજકોટ)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah